# સેવા સુવાસ



'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ ''મનુષ્ય'' કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુક્ત મુખપત્ર

જાન્યુઆરી '૨૦૨૩ થી માર્ચ '૨૦૨૩

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૧ |
| ૨. | શારદા સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત | ૪ |
| ૪. | અમારી વાત | ૪ |
| ૫. | સ્થાનિક સમાજ | ૫ |
| ૫. | સંસ્થા સમાચાર | ૭ |
| ૬. | મિત્રોની નજરે | ૨૧ |
| ૭. | સંશોધનની એરણેથી | ૨૨ |
| ૮. | અમે કયાં ચુકયાં ? | ૨૩ |


**(મુખપૃષ્ઠ :)– ૮ મી માર્ચ** આંતરરાષ્ટ્રીય મહિલાદિન ઉજવણી (રેલી)


**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમસિંહ વાંસદીયા |
| મુકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | પરસોત્તમ વસાવા | જૈમિત રાવલ |

# વલોણું :

## અમારી મર્યાદા : નિઃસહાયતા

**દર્દીનું નામ : આશાબેન રાજેશભાઈ વસાવા**
**ગામ : સેજપુર, તા. ડેડીયાપાડા, ઉંમરઃ ૨૩ વર્ષ**
**(નામ બદલ્યું છે.)**

આશાબેન અને તેમનો પતિ શેરડી કાપવા આવેલાં. આશાબેન તથા તેમનો પતિ બંને દારૂ પીતા હતાં. આશાબેનની ત્રીજી ડિલેવરી હતી. બેનને આ ત્રીજી સુવાવડ ઘરે થઈ. બેનને પેટમાં પાણી ભરાયેલ હોવાથી બેનને રાજપીપળા લઈ ગયેલાં રાજપીપળાથી રીફર થઈને રાત્રે ૮ કલાકે તા.૧માર્ચ ૨૩ ના ઝઘડિયા સેવા રૂરલમાં આવ્યા ત્યારે શ્વાસ ચઢતો હતો. પગે અને પેટ પર સોજાં હતાં. અને હૃદયનાં ધબકારા વધી ગયેલા. ઓકિસજન લેવલ પણ ઓછું હતું. આશાબેનને દાખલ કરી ECG કરી બાયપેપ પર મુકેલા. અને પેશાબ માટે ઈન્જેકશન આપ્યા ત્યારે બે દિવસ પછી થોડું સારૂં લાગ્યું. સેવા રૂરલમાં સોનોગ્રાફી કરી. બે દિવસ પછી ભરૂચ Echo કરાવ્યો તો ડાબી બાજુની ચેમ્બરમાં હૃદયમાં લોહીનો ગઠ્ઠો હતો અને વાલની તકલીફ આવી. બેન બોલી શકતાં હતાં પરંતુ ચાલી શકતા ન હતાં. ધીરે–ધીરે તબિયત બગડતી હોવાથી બેનને રજા આપવાની હતી કારણ કે બેનનો પતિ ૨ દિવસ રોકાઈને ઘરે જતો રહયો હતો. અને આશાબેનની એક બેન ઘરેથી આવી તે પણ એક દિવસ રોકાઈને બેનને મુકીને જતી રહી. બેનનું બાળક NICUમાં હતું. બેન અને બાળકની કાળજી હોસ્પિટલ સ્ટાફ રાખતાં હતાં. જયારે બેનનો ઝાડો–પેશાબ વિગેરે પણ વોર્ડનાં નર્સીંગ સ્ટાફ તથા આયાબેન બધી કાળજી કરતાં હતાં. આશાબેનને બહારના મોટા સેન્ટર પર લઈ જવાની જરૂર હતી પણ તેમના જોડે કોઈ સગું ન હતું તા.૮માર્ચ' ૨૩ ના રોજ બેનને રજા આપી. સેવા રૂરલની એમ્બ્યુલન્સ દ્વારા બેનનાં ઘરે ગામઃ સેજપુર (તા.ડેડીયાપાડા) મુકવા ગયાં. સાથે એમ્બ્યુલન્સ ડ્રાઈવર હિતેશભાઈ હતાં અને CHP સ્ટાફ જયોત્સનાબેન રોહિત, લક્ષ્મીબેન વસાવા આયા તેમના ઘરે લઈને ગયાં. તેમના ઘરે જતાં ગાડી જયાં ઉભી રાખી હતી ત્યાંથી જંગલનો વિસ્તાર હતો ત્રણ કિમી ગામ અંદર હતું પેશન્ટને સ્થાનિક લોકોની મદદ લઈને ત્યાંથી ઝોલી કરીને ડ્રાઈવર હિતેશભાઈ ઘરે લઈ ગયાં. આશાબેનનું ઘર નાનકડું ઝુંપડુ હતું ઝુંપડામાં ચાદર પણ ન હતી.

બેનનો પતિ શેરડી (સુગર)ના મુકરદમ પાસેથી ૮૦,૦૦૦/–રૂા. બેનની સારવાર કરાવવા લઈ આવેલાં અને આ રૂપિયા લઈને તેનો પતિ ઘરે હોળીનો તહેવાર આવતો હોવાથી ઘેરીયા બનવા માટે ઘરે જતો રહયો હતો અને ઘેરીયા બન્યા પછી અઠવાડિયા સુધી પોતાના ઘરે આવી શકાય નહી તેવી માન્યતા હોવાથી પતિ પણ ઘરે નહોતો.

બેનને ઘરે લઈને ગયાં ત્યારે ઘરમાં કોઈ ન હતું સાથે નાનું બાળક પણ એકલું જ હતું. પહાડી વિસ્તાર, ઝુંપડા દુર દુર – નજીકના ઘરોમાં જાણ કરવામાં આવી તથા PHC માં અને નજીકના સબ સેન્ટરના સીસ્ટરને જાણ કરી. એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને સંસ્થાના કાર્યકરો ભારે હૃદયે, મોડી રાત્રે ઝઘડિયા પરત આવ્યાં. આમ બેનની સારવાર સેવા રૂરલમાં બધી ફ્રી કરવામાં આવી પણ પતિ કે સગાંઓ બેનની સારવારમાં સાથે રહયા નહી. **હજુ પણ ઉંડાણવાળા ગામડાઓમાં રસ્તા નથી. વળી, આવી કેટલીય બહેનો નિઃસહાયતા અનુભવી રહી છે. એકાદ દિવસ પછી બહેનનું મૃત્યું થયું. આ પ્રસંગ અમને સૌને હચમચાવી ગયો. અમને અને આપણને સૌને "વિચારતા" કરી દીધા કે...**

- હજી પણ સમાજમાં બેનોની આવી પરિસ્થિતિ છે?
- સંસ્થાની દ્રષ્ટિએ આ બેન માટે આગળ સારવાર કરવી જોઈએ. પરંતુ સંસ્થાની પણ મર્યાદા આવે છે.
- બાળક કે જે 'મા' વગરનું થયું તેને માટે પણ કંઈ કરી શકાય? પરંતુ આગળ જતાં બીજા પ્રશ્નો ઉભા થાય.
- આવી પરિસ્થિતીમાં શું કરવું તે પણ વિચાર કરવા જેવું છે.

## શારદા સુવાસ

મા શારદા પોતે બ્રાહ્મણ કુટુંબનાં હોવા છતાં, દલિતો કાયસ્થો અને મજૂરો તરફ કોઈપણ જાતના વર્ણ કે જાતિભેદ રાખ્યા સિવાય સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખેલો. આ સંદર્ભના ઘણા પ્રસંગો છે.

આ પ્રસંગ પોતે બ્રાહ્મણ હોવા છતાં એક કાયસ્થ વૈદ્યો સાથેનો બતાવેલો સમભાવ દર્શાવે છે. પોતાની ભત્રીજી રાધુને એક કાયસ્થ કુટુંબના ભકત જે માના પરિવારના સભ્યોની ખૂબ આદરપૂર્વક નાનીમોટી સેવા કરતાં હતાં તેને આ તારો મોટો ભાઈ છે એમ કહીને પ્રણામ કરાવ્યા. એક વૈદ્ય રાધુની સારવાર કરતા હતા જે પોતે બ્રાહ્મણ જ્ઞાતિના ન હતા. આ વૈદ્ય જયારે રાધુને તપાસવાનું કામ પૂરું કર્યું ત્યારે રાધુને માએ તેમના ચરણે નમન કરવા કહયું, રાધુ પગે લાગી. વૈદ્યના ગયા બાદ ત્યાં હાજર રહેલાઓ તે બ્રાહ્મણ હતા કે નહિ તે અંગે પૂછપરછ કરી, માએ જવાબ આપ્યો, ના તે વૈદ્ય છે બ્રાહ્મણ નથી. એક શિષ્યે પૂછયું તો પછી તમે રાધુને તેમને પ્રણામ કરવાનું શા માટે કહયું, શ્રી માએ જવાબ આપતાં કહયું રાધુ તેમને પ્રણામ શું કામ ન કરે? તે કેટલા વિદ્વાન છે તે માણસ બ્રાહ્મણ જેવો જ છે તો, તેમને પ્રણામ ન કરે તો કોને કરે? શું તારું પણ માનવું નથી, બેટા?

**ખ્રિસ્તી ધર્મઃ** તે રૂઢિચુસ્ત જમાનામાં યુરોપિયન લોકો જોડે કોઈ પણ જાતનો વ્યવહાર રાખનારનો સમાજ બહિષ્કાર કરતો. વિદેશીઓને મંદિરમાં જવા માટે પ્રતિબંધ હતો. ત્યારે માતાજી સ્વામી વિવેકાનંદનાં યુરોપિયન શિષ્યા માર્ગરેટ નોબલ એટલે કે સિસ્ટર નિવેદિતા જયારે ભારતીય સમાજનાં એક અંગ બનીને દેશની સેવા કરવા માટે કોલકાતામાં આવ્યાં ત્યારે તેમના માના રૂઢિચુસ્ત હિન્દુ સ્ત્રીભકતો સાથે રહેવાનો એક અંગ બનીને દેશની સેવા કરી શકે. સ્વામીજી માટે આ કોયડો ઉકેલવો મુશ્કેલ હતો. પરંતુ મા શારદા તેમની વ્હારે ચઢયાં. તેમને નિવેદિતાને પોતાની દિકરી તરીકે સ્વીકાર્યા અને તેમને પોતાની પાસે એક જ ઘરમાં રાખ્યાં. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુભાઈને પત્રમાં લખ્યું છે કે "માતાજી અહીં છે. કેટલીક યુરોપિયન અને અમેરિકન મહિલાએ એક દિવસ એમને મળવા ગઈ. તમે માની શકો છો કે માએ એ બધાની સાથે ભોજન પણ લીધું કેવી ઉદારતા !

ભગિની નિવેદિતાએ એક પુસ્તકમાં માની ખ્રિસ્તી ધર્મને સમજવાની ઉદાર દ્રષ્ટિ વિશેનો પરિચય આપતાં લખ્યું છે કે," એક વખત ઇસ્ટરના દિવસોમાં મા અમારે ઘેર પધાર્યા હતાં. આ દિવસે તેઓ અમારા આખા ઘરમાં ફરી છેવટે પૂજાના ઓરડામાં બેઠા અને મને ઇસ્ટરનું મહત્વ સમજાવ્યું. ઇસ્ટરમાં ગવાતા ભજનો અને સંગીતમાં માને તેમાં રહેલા ભાવની અનુભૂતિ જોઈને પહેલી જ વખત અમે માની આધ્યાત્મિકતાની ઉચ્ચ અવસ્થાનાં દર્શન કર્યા. બીજા એક દિવસે માએ મને અને મારી ગુરુ ભગિનીને યુરોપિયન લગ્નવિધિ સમજાવવાનું કહયું. ખૂબ જ આનંદ અને હાસ્યથી અમે વરવધુ તો કોઈકવાર પાદરી બનીને તેમને અમારી લગ્નવિધિ સમજાવી. ત્યારબાદ છેવટે લગ્નના શપથ "દુઃખમાં કે સુખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, માંદગીમાં કે તંદુરસ્તીમાં મૃત્યુ આપણને છૂટાં ના પાડે ત્યાં સુધી છૂટાં પડીશું નહીં". તે સાંભળીને મા ત્યાં બેઠેલા બીજા બધા કરતાં ખૂબ આનંદમાં આવી ગયાં અને સૌથી વધારે ખુશી થતાં વારંવાર એનું પુનઃરુચ્ચારણ કરાવ્યું અને બોલ્યાં, કેવા ધાર્મિક શબ્દો ! કેવા પવિત્ર શબ્દો !

**મુસ્લિમ ધર્મઃ** આ જ પ્રમાણે ઇસ્લામ ધર્મ પાળતા મુસ્લિમો માટે પણ તેઓ સમભાવ રાખતા તેને લગતો એક પ્રસંગ વાંચીએ. અમજાદ નામનો એક મુસ્લિમ ધાડપાડુ હતો, જેણે માના મકાનની દીવાલો ચણવામાં મદદ કરી હતી.

આ મુસ્લિમ ભાઈને માએ પોતાના ઘરના ઓટલા પર જમવા બેસાડેલો. માની ભત્રીજી નલિનીદેવીને જે આભડછેટને લીધે ચોકમાં ઉભા ઉભા દૂરથી ખાવાનું ફેંકતાં હોય તેમ પીરસતાં હતાં. આ જોઈ મા બોલી ઉઠયાં: "આવી રીતે પીરસે તો કોઈ માણસ સારી રીતે ખાઈ શકે, તું ન આપી શકે તો હું આપીશ". જમવાનું પૂરું થતાં માએ પોતે જ એંઠી જગ્યા સાફ કરી. ભત્રીજી નલિનીને ઠપકો આપતા બોલ્યાં; "શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે, આ અમજાદ પણ તેવો જ છે."

જયરામવાટીમાં બાજુના ગામમાં રહેતા બરશત અલીએ પોતાના કાકા પાસેથી સાંભળેલા પ્રસંગોની વાત કરતાં કહે છે કે તેમના શેખ કુટુંબના કાકાઓ હિન્દુઓના ખેતરોમાં ખેડવાનું કામ તેમજ બળદગાડી ચલાવવાનો ધંધો કરતા હતા. મા શારદા જયરામવાટીથી કામારપુકુર,કુઆલપાડા કે વિષ્ણુપુર જવાનું હોય ત્યારે શેખ કુટુંબની બળદગાડી ભાડેથી બોલાવતાં. આ શેખ કુટુંબની બીબીઓ પણ માને મળવા જતી અને પોતાની બધી વાતો ખુલ્લા મને માને કહેતી અને મા પણ તે વાતો શાંતિથી સાંભળતાં. આ શેખ કુટુંબ સાથે માનો એટલો ઘરોબો થઈ ગયો કે તેમના ખેતરમાં થતાં શાકભાજી, વિવિધ ફળો, ગોળ વગેરે વસ્તુઓ તેઓ માને ભેટ આપવા લઈ જતાં પરંતુ મા તેઓને સમજાવી પટાવીને યોગ્ય ભાવે એ બધી વસ્તુઓ સ્વીકારી લેતાં. આ કુટુંબની વડીલ મુસ્લિમ બહેન સલમાબીબીને મા 'માસી' કહીને બોલાવતાં. તેઓની દરગાહમાં જયારે મુસ્લિમ ધર્મનો ઉત્સવ ઉજવાતો ત્યારે મા દરગાહ પર ચઢાવવા મીઠાઈ અને પ્રસાદી મોકલતાં. શેખ મફતાએ એક દિવસ મા નો આ વ્યવહાર જોઈને પૂછયું, મા તમે તો હિન્દુ હોવા છતાં અમારા ધાર્મિક ઉત્સવ પ્રસંગે આવી બધી ભેટ કેમ મોકલો છો ? માએ જવાબ આપતાં કહયું: 'દીકરા, શું ભગવાન જુદા જુદા હોઈ શકે ? બધા ભગવાન એક જ છે". એક વખત શેખ મુફેતને સ્વપ્નમાં માનાં દર્શન પણ થયેલાં ત્યારથી તેણેમા શારદાને એક પીર–સંત તરીકે સ્વીકારેલાં.

**પારસી ધર્મ:** મુંબઈથી એક પારસી એક યુવક માના દર્શનની અભિલાષાથી મા જયારે ઉદ્‌બોધન આશ્રમમાં ગંભીર બીમારીથી  પથારીવશ બની ગયેલાં ત્યારે ગયેલા. તેમનાં દર્શન, મંત્રદીક્ષા, ભકતોને મળવાનું વગેરે બંધ રાખવામાં આવ્યું હતું. આ પારસી યુવકને સ્વામી વિવેકાનંદના ગ્રંથો વાંચીને અધ્યાત્મ તરફ આકર્ષણ થયેલું. સ્વામી શારદાનંદ એને મળીને ખુશ થઈને તેને નીચેના રૂમમાં રાહ જોવાનું કહેલું. એને ઉપર મા પાસે જવાની રજા ન મળી. કોણ જાણે કેવી રીતે આ વાતની માને ખબર પડી ગઈ અને માએ એક શિષ્યને પેલા યુવકને ઉપર બોલાવીને મળવા માટે બોલાવ્યો. માએ તેની સાથે થોડી વાતચીત  કરી અને મંત્રદીક્ષા પણ આપી. આ યુવક મુંબઈ સિનેમાજગતના પ્રખ્યાત અભિનેતા અને નિર્માતા સોહરાબ મોદી હતા.

આજે ૨૧મી સદીમાં હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મો વચ્ચે અને ખુદ એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો વચ્ચે નાના–મોટા અત્યાચારો ગુજારવાના બનાવો અને યુદ્ધો થતાં જ રહે છે. ત્યારે ૧૯મી સદીના રૂઢિ ચુસ્ત સમાજમાં અશિક્ષિત ગ્રામીણ મહિલાઓ ધર્મ એ જ્ઞાતિ બંધનો ભુલાવીને તેમજ હિન્દુ ધર્મના વૈષ્ણવ, શૈવ કે શાકત સંપ્રદાય પાળતા ઘણા લોકોએ મા શારદાને 'મા'ના વ્હાલસોયા નામથી સંબોધન કરેલું જે દર્શાવે છે કે મા સર્વધર્મ સમભાવિની હતી.

◆

## માતૃશકિત

સેવા રૂરલ હોસ્પિટલનાં આંખ વિભાગમાં CBR પ્રોગ્રામમાં વર્ષો પહેલાં કામ કરતાં વિઠ્ઠલકાકા જે ઝઘડિયા તાલુકાનાં રૂંઢ ગામમાં રહે. તેઓ અત્યારે ૭૩ વર્ષની ઉંમરે પણ હોસ્પિટલમાં આંખના દર્દીઓને મદદ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. તેઓએ ૮ વર્ષની ઉંમરે જ સંત પુનિત મહારાજને ગુરુ કર્યા હતાં. ત્યારથી જ સેવાનાં કામો કરતાં રહેતાં ૧૯૯૭માં CBR પ્રોગ્રામ સાથે સેવા રૂરલમાં જોડાયા. તેમનો મંત્ર છે "સેવા અને સ્મરણ કરવાનાં છે બે કામ, સેવાનો જનસેવા કરવી અને લેવું રામનું નામ" આવા સેવાભાવી સ્વભાવ અને પછી સેવા રૂરલનો સાથ મળ્યો, જાણે સોનામાં સુગંધ મળી આવા વિઠ્ઠલકાકા છે.

આપણને કાયમ એવું થાય કે ગામડામાં ગરીબ ઉંમર વાળા દાદી—દાદાને મોતિયો પાકી ગયો હોય અને તેમને કોઈ હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા લઈ આવે નહી એવા દર્દીઓ ઓપરેશન વગર જ રહેતાં. તેથી વિઠ્ઠલકાકાને આ માટે મદદ કરવા માટે જણાવ્યું તેઓ તો આ માટે તરત તૈયારી બતાવી અને વ્યવસ્થા ગોઠવાઈ ગઈ.

વિઠ્ઠલ કાકા આંખનો કેમ્પ હોય તેનાં આગલા દિવસે સેવા રૂરલમાં સાંજે આવી જાય અને બીજા દિવસે આંખના કેમ્પની ટીમ સાથે કેમ્પમાં જાય. ત્યાં જે દર્દીઓનાં સગા ન હોય તેવા દર્દીઓ સાથે રહી કેમ્પની ગાડીમાં સેવા રૂરલમાં લઈને આવે તેમને દાખલ કરાવી ખાટલો અપાવે. સમય થાય જમવાની થાળી લઈને જમાડી તેમને સતત આંખમાં ટીપાં નાંખવાનું તે કામ કરે, બધા સાથે રહે. સવારે ૬ વાગ્યાથી દર્દીઓને કીકી ડાયલેટ કરવાનાં ટીપાં નાંખે. ઓપરેશન પહેલાં ચા—નાસ્તો કરાવે અને ઓપરેશન માટે તૈયાર કરી ઓપરેશન થીયેટર પાસે બેસાડે ઓપરેશન બાદ ખાટલે લઈ જાય. સમય થાય જમાડી, રાત્રે સાથે રહે. જરૂરી ટીપાં નાંખે અને બીજા દિવસે સવારે ચશ્મા, દવા અપાવી જરૂરી સુચનાઓ આપી કેમ્પની ગાડીમાં આ દર્દીઓની સાથે તેમના ગામ જાય અને કેમ્પનાં સ્થળે પહોંચાડી આવે અને બીજા દર્દીઓ હોય તો તેઓને સાથે લઈને આવે અને તેઓને જરૂરી મદદ કરે આમ ઘરની વ્યકિતની જેમ સગાં ન હોય તેવા દર્દીઓની કાળજી રાખે આમ વિઠ્ઠલકાકાનું માતૃત્વ હંમેશા છલકાતું રહે છે.

## અમારી વાત

- સેવા રૂરલના સ્થાપક ટ્રસ્ટીઓ પૈકીનાં ડો.લતાબેન દેસાઈને પદ્મશ્રી એવોર્ડ બરોબર એક વર્ષ પહેલાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદના હસ્તે તા.૨૮/૩/૨૦૨૨ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં એનાયત કરવામાં આવ્યો હતો. આ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માનથી સેવા રૂરલના બૃહદ પરિવારના શુભચિંતકો, દાતાઓ, વિવિધ સંસ્થાઓ અને ખાસ કરીને અમારા કાર્યકરોને વિશેષ આનંદ થયો હતો.

આ પ્રસંગને અનુલક્ષીને ભરૂચ જીલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા ઝઘડિયા ગામ અને આસપાસની વિવિધ સંસ્થાઓ તથા કો—ઓપરેટીવ સંસ્થાઓ દ્વારા તેમજ અમદાવાદ, ગાંધીનગરની નામાંકીત સંસ્થાઓ દ્વારા ડો.લતાબેન દેસાઈનું બહુમાન કરીને પોતાની લાગણીઓ વ્યકત કરી હતી. આવા વિવિધ પ્રસંગોએ મોમેન્ટો અને શાલ એકત્રિત થઈ હતી. હવે આ શાલનું શું કરવું જોઈએ? તેની અમારા કોરગૃપમાં ચર્ચા વિચારણા કરવામાં આવી. આપ સૌ સુવિદિત જ છે, કે ડો.લતાબેને આ સન્માન ના સાચા અધિકારીઓ તરીકે સેવા રૂરલના અને શારદા મહિલા વિકાસ સોસાયટીના તમામ કાર્યકરોને ગણ્યાં હતા. એક સર્વસામાન્ય અભિપ્રાય આવ્યો કે જો બધા જ કાર્યકરોને આ શાલ આપી શકાય તો સારું પરંતુ શાલની તેટલી સંખ્યા ન હતી. માટે સંસ્થાના દરેક વિભાગના મુખ્ય કાર્યકરોની બનેલી કો—ઓર્ડીનેશન કમીટીના સભ્યોને તથા માનદસેવા આપતા કન્સલ્ટન્ટને આ શાલ આપવાનું નકકી કરવામાં આવ્યું.

સેવા રૂરલમાં આ કો–ઓર્ડીનેશન કમીટી મહત્વના પાસાઓની ચર્ચા અને નિર્ણયો લઈ રહી છે. માટે આ કાર્યકરોને એક પ્રેરણાદાયી સુવાકય અને શાલ ડો.લતાબેનના હસ્તે આપવામાં આવ્યા. આમ આ પ્રતિકાત્મક રીતે ભલે કો–ઓર્ડીનેશન કમીટીના સભ્યોને શાલ આપવામાં આવી. પરંતુ આ બહુમાન અને આનંદના સૌ કાર્યકરો ભાગીદાર છે.

> તા. ૩ જાન્યુ.૨૩નાં રોજ ડો.લતાબેનનાં હસ્તે એમના પદ્મશ્રીના સન્માન રૂપે મળેલ શાલ સંસ્થાના કો.ઓર્ડીનેશન કમિટીનાં સભ્યો અને માનદ કન્સલ્ટન્ટને સ્મૃતિ રૂપે આપવામાં આવી. પૂ.ડો.લતાબેનના હસ્તે આ શાલ લેતાં બધાં જ કાર્યકરો ભાવવિભોર બની એક અલગ જ લાગણીનો સ્પર્શ અનુભવ્યો જેમાં... એક–બે કાર્યકરોનો ભાવ એમનાં જ શબ્દોમાં .....
>
> ૧. લગ્ન વખતે વરપક્ષમાંથી દુલ્હનને 'પલ્લાં'ની સાડી આપવામાં આવે છે. જે કન્યા વિદાય વખતે વળાવતાં કન્યાને ઓઢાડવામાં આવે... આ સાડીને ખૂબ જ સાચવીને રાખે. ગમે ત્યારે પહેરે પણ નહીં. અને આમ જયારે આ કન્યાનું મૃત્યુ થાય ત્યારે અંતિમ વિદાય વખતે પણ આ જ 'પલ્લાંની સાડી' ઓઢાડવામાં આવે છે.
>
> – એક કાર્યકર ભાઈ
>
> ૨. પૂ.લતાબા અમારી માટે 'મા' જેવા છે. મારી મા ખૂબ જ વૃધ્ધ છે. આ શાલ હું મારી માને ઓઢવા આપીશ.
>
> – નર્સ બેન
>
> ૩. મારા ભાભી ખૂબ જ બીમાર છે. કદાચ હવે વધુ નહીં જીવે એવું ડોકટરો કહયું છે. આ શાલ મારી ભાભીને આપીશ.
>
> એક કાર્યકર બેન

## સ્થાનિક સમાજનું યોગદાન

૨૬મી ઓકટોબર ૧૯૮૦માં સેવા રૂરલની શુભ શરૂઆત ઝઘડિયા જેવા નાના ગામમાં થઈ. ઝઘડિયા ગામની પસંદગી કરવાના મુખ્ય કારણો પૈકી, સ્થાનિક સમાજ દ્વારા સંચાલિત કસ્તુરબા મેટરનીટી હોમની સોંપણી સેવા રૂરલને કરવામાં આવી આમ પ્રથમ દિવસથી જ સેવા રૂરલના વિવિધ કાર્યોમાં સ્થાનિક સમાજનો સુંદર સહયોગ આજદિન સુધી સાંપડી રહયો છે તેનો અમોને હંમેશા ગર્વ અને આનંદ રહયો છે.

સ્થાનિક સમાજ એટલે કે અહીં મુખ્યત્વે ભરૂચ અને નર્મદા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારની વાત કરીશું.

સ્વાભાવિક છે શરૂઆત અમોએ ૩૦ પથારીની કસ્તુરબા હોસ્પિટલથી કરી હતી. જે હાલમાં ૨૦૦ પથારીની હોસ્પિટલ થઈ છે. ઝઘડિયા સહિત આસપાસના ગામડાંઓના ૨૫૦૦ જેટલા ગામના લોકો લાભ લઈ રહયા છે. અમારું મુખ્ય કાર્ય કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટનું ૧૯૮૨માં ૬ ગામથી શરૂઆત કરી હતી. અને ૬૦૦ ગામ સુધી વિસ્તરણ કરવામાં આવ્યું હતું.

આ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં દરેક ગ્રામ્ય કક્ષાના કાર્યકરો સાથે કામ કરવાનું થયું અને આમ અમારો સંપર્ક સ્થાનિક સમાજ સાથે ઉભો થયો. ઉત્તરોતર આ સંપર્ક એક વિશિષ્ટ સબંધમાં પણ પરીણમ્યો. ગ્રામ્ય કક્ષાએ સેવા રૂરલને જોઈતી નાની મોટી મદદ સહકાર અને સહયોગ ખૂબ સારી રીતે મળી રહયો છે. તેવી રીતે ૧૯૮૬–૮૭માં યુવાનો અને મહિલાઓ સાથેના કામની શરૂઆત થઈ. વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં અર્ધશિક્ષિત યુવાનોને વોકેશનલ તાલીમ આપીને નજીકના ઉદ્યોગોમાં કામ અપાવવામાં આવી રહયું છે. આજે જોતજોતામાં ૪૦૦૦થી પણ વધારે યુવાનો આ તાલીમ લઈ પગભર થયા છે. એવી રીતે મહિલાઓ સાથે આર્થિક અને સામાજીક કાર્યક્રમો શરૂ થયા.

૧૯૯૦ના સમયમાં હેલ્થ ટ્રેનીંગ સેન્ટરની શરૂઆત થઈ જેમાં ગ્રામ્ય કક્ષાની વિવિધ સંસ્થાઓના કાર્યકરોને તાલીમ આપવામાં આવી. એડોલેસન્ટ કાર્યક્રમ હેઠળ આજે ૫૦ જેટલી શાળાઓમાં યુવક/ યુવતીઓ સાથે વિવિધ કામગીરી થઈ રહી છે.

સ્થાનિક સમાજની જરૂરિયાતને ધ્યાનમાં રાખતાં અને નિષ્ઠાવાન આંખના સર્જન મળયા હોવાથી હોસ્પિટલમાં અદ્યતન આંખ વિભાગ ૧૯૯૦થી શરૂ કરવામાં આવ્યો. જેમાં હોસ્પિટલમાં નિદાન અને સારવાર ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ દર અઠવાડિએ આંખના નિદાન કેમ્પ યોજવામાં આવી રહયા છે. સાથે સાથે ગાયનેક કેમ્પ અને વર્ષમાં એકથી બે વાર યોજાતા બ્લડ ડોનેશન કેમ્પના આયોજનમાં અને આર્થિક સહાય સ્થાનિક સમાજના શુભેચ્છકો ઉઠાવી રહયા છે.

આમ અમારી હોસ્પિટલ અને ગ્રામ્ય કક્ષાની વિવિધ પ્રવૃતિઓને લઈને અમે સ્થાનિક ગ્રામજનોનાં સંપર્કમાં આવી રહયા છે. અને આ ગ્રામ્ય વિસ્તારનાં અમારા શુભેચ્છકો અમારા બન્યા છે. ફીલ્ડમાં કામ કરતાં અમારા સ્થાનિક કાર્યકરો, નર્સબેનો, ફીલ્ડ સુપરવાઈઝર અને વિવિધ કાર્યક્રમોની ટીમને અદભૂત લોકસહકાર પ્રાપ્ત થઈ રહયો છે.

સેવા રૂરલની વિવિધ ગ્રામ કક્ષાની પ્રવૃતિઓ તો છે જ પરંતુ સંસ્થાનું મિશન ગરીબો કેન્દ્રીત કામ, મૂલ્ય આધારીત કાર્ય પદ્ધતિને પરિણામે સેવા રૂરલની છાપ, **"સિધ્ધાંતોથી ચાલતી સંસ્થા"** તરીકેની ઉભી થઈ છે.

સેવા રૂરલના કાર્યકરોના ઘડતરમાં ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા કેન્દ્ર સ્થાને રહી છે. પરિણામે અમારા ફીલ્ડ કાર્યકરો અને કેન્દ્ર કક્ષાએ કામ કરતાં કાર્યકરો સ્થાનિક સમાજ સાથે સહેલાઈથી જોડાય જાય છે.

સેવા રૂરલની વિવિધ પ્રવૃતિઓમાં **૭૦% જેટલા કાર્યકરો સ્થાનિક ગ્રામ્ય સમાજમાંથી આવે છે.** વિજીટીકેના વિદ્યાર્થીઓ, નર્સીંગ તાલીમનાં બહેનો, સીવણ વર્ગ અને બ્યુટી પાર્લર જેવા કોર્ષમાં સ્થાનિક યુવતીઓ તાલીમ લઈ રહી છે. પરીણામે આવા યુવક યુવતીઓ તાલીમ લીધા બાદ પગભર બને છે. તેમનો વિકાસ થાય છે ત્યારે તેઓના મૂળ સેવા રૂરલ સાથે જોડાયેલા રહે છે. અને આવા જ ભાઈ બેનો સેવા રૂરલના કાર્યમાં નાનો મોટો ટેકો કરી રહયા છે. બીજા શબ્દોમાં અમારા સ્થાનિક શુભેચ્છકો બની રહે છે.

ગ્રામ્ય કક્ષાની સેવા રૂરલની વિવિધ પ્રવૃતિઓમાં સ્થાનિક કો–ઓપરેટીવ સોસાયટી, ગ્રામ પંચાયત, શાળા કે કોલેજ, હોસ્પિટલ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ મદદરૂપ બની રહયા છે.

**સ્થાનિક કક્ષાના શુભેચ્છકોનું "લોકલ સપોર્ટ ફોરમ" ઉભુ કરવામાં આવ્યું છે.** જે દર બે વર્ષે મળે છે. આ ઉપરાંત કસ્તુરબા હોસ્પિટલની મેડીકલ કમીટીમાં સ્થાનિક શુભેચ્છકોનો સમાવેશ કરવામાં આવે છે.

સેવા રૂરલની ગરીબો કેન્દ્રીત પ્રવૃતિઓ, મૂલ્ય આધારીત કાર્ય પધ્ધતિ, સર્વ ધર્મ સમભાવ, બીન રાજકીય અભિગમ જેવી ઉજળી પરંપરાઓને લઈને **સ્થાનિક સમાજમાં સેવા રૂરલ માટે શ્રધ્ધા અને વિશ્વાસ ઉભો થયો છે.**

◆

## સંસ્થા સમાચાર

- સેવા રૂરલનો ૪૨મો વાર્ષિક અહેવાલ જાન્યુ.૨૩માં પ્રકાશિત કરવામાં આવ્યો. સેવા રૂરલની ઉજળી પરંપરા પ્રમાણે દર વર્ષે નિયમિત રીતે સંસ્થા પોતાની પ્રવૃતિઓ અને વાર્ષિક હિસાબો પ્રકાશિત કરે છે.

- જાન્યુ.૨૩ થી અમારા દાતાઓ, શુભેચ્છકો, ઈન્ડસ્ટ્રીઝ વિગેરેને દર વર્ષની જેમ દાનની અપીલ લગભગ ૧૨૦૦ જેટલી મોકલવામાં આવી છે અમને જણાવતાં આનંદ થાય છે નિયમિત રીતે સમાજના વિવિધ અંગો શુભકાર્યમાં ફાળો આપી રહયા છે.

- કસ્તુરબા હોસ્પિટલની સેવાઓનો લાભ લગભગ ૨૫૦૦ ગામડાનાં લોકો લઈ રહયા છે. ત્યારે સ્થાનિક દર્દીઓના પ્રશ્નોને વાચા આપવા માટે ૧૯૮૦થી મેડીકલ કમીટીની રચના કરવામાં આવી છે. જેમાં સરકારી અધિકારીઓ, સ્થાનિક સમાજના શુભચિંતકો અને નિષ્ણાંતોનો સમાવેશ આ કમીટીમાં કરવામાં આવી રહયો છે. આ કમીટીની મુદત ૩ વર્ષ માટેની હોય છે. કમીટીના સભ્યો દ્વારા હોસ્પિટલની સેવાઓ અંગેના સુચનો, દર્દીઓને પડતી મુશ્કેલીઓ, રચનાત્મક પ્રતિભાવો રજુ કરીને કસ્તુરબા હોસ્પિટલની સેવાઓને સુદઢ બનાવવામાં યોગદાન આપી રહયા છે. **એપ્રિલ ૨૦૨૩ થી અમલમાં આવનારી મેડીકલ કમીટીના સભ્યોના નામો પાન નંબર ૯ ઉપર આપવામાં આવ્યા છે.**

- સેવા રૂરલની વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિઓ પૈકી કેટલીક પ્રવૃતિઓમાં તાલીમના ભાગ રૂપે જોબવર્ક અને પ્રોડકશન કરવામાં આવે છે તેવી રીતે જુદી જુદી સંસ્થાઓનાં કાર્યકરોને તાલીમ આપવાનું કામ કરવામાં આવી રહયું છે. આવી પ્રવૃતિઓમાંથી ઉભી થતી પ્રાસંગિક Income ઉભી થાય છે. પરીણામે કયારેક કયારેક ઈન્કમટેક્ષ વિભાગ, ચેરીટી કમીશ્નર વિગેરે સરકારી વિભાગોમાં પ્રશ્નો ઉભા થાય છે. આ ઉપરાંત વેચાણ પર GST નો કાયદો પણ અમલમાં આવ્યો છે. આ બધા પરિબળોને ધ્યાનમાં લેતાં ભવિષ્યમાં "ચેરીટેબલ" ના હેતુને નુકશાન ના થાય તે માટે વિવિધ નિષ્ણાંતો, વિવિધ સંસ્થાઓ અને ચાર્ટડ એકાઉન્ટન્ટ જેવાં તજજ્ઞોની સલાહ સુચનને આધારે અને ચર્ચા વિચારણાને અંતે સેવા રૂરલ દ્વારા પ્રેરિત **"સેવા રૂરલ અનોખું ફાઉન્ડેશન"** નામની નોન પ્રોફીટ ઉદ્દેશો ધરાવતી કંપની, મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ એફર્સ કંપની એકટ ૨૦૧૩– સેકશન–૮ હેઠળ રજીસ્ટર્ડ કરાવવામાં આવી છે. આ કંપનીના નેજા હેઠળ સેવા રૂરલ સંચાલિત વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના ટ્રેનીગ કમ પ્રોડકશન સેન્ટરની પ્રવૃતિઓ લઈ જવામાં આવનાર છે. અને ભવિષ્યમાં ટ્રેનીગ ડીપાર્ટમેન્ટની અને અનોખી દવાની દુકાનની અને અનોખી ચશ્મા દુકાનની પ્રવૃતિઓ મુકવામાં આવનાર છે.

- સ્ટાફ મીટીંગ તા.૨૮/૦૧/૨૦૨૩ ના રોજ યોજાઈ ગઈ. સામાન્યતઃ દર ત્રણ મહિને સમગ્ર કાર્યકરોની મીટીગમાં નવા જોડાયેલા કાર્યકરોનો પરિચય, કાર્યકરોના પરિવારનાં સુખઃદુખનાં પ્રસંગો અને દરેક વિભાગની વિશેષ કામગીરીની રજુઆત આ મીટીગમાં કરવામાં આવે છે. આ મીટીંગમાં કાર્યકરોએ સુચનપેટીમાં સુચનો, ફરિયાદો, ટીકાઓ અને સારી બાબતોની ચિઠ્ઠીઓ વાંચવામાં આવે છે.

- તા.૩૦ જાન્યુ.૨૩ થી તા.૨ ફેબ્રુ.૨૩ દરમિયાન મુળ વારાણસીના (UP) અને આસપાસનાં વિસ્તારોમાં મુખ્યત્વે આરોગ્ય અને ગ્રામ વિકાસનું કાર્ય કરતા ૮૦ વર્ષના યુવાન ડો.અબુલ સરાહ સેવા રૂરલની મુલાકાતે આવી ગયા. ત્રણ દિવસની આ વિઝીટ દરમિયાન સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ અને સંચાલન જોઈને ઘણા પ્રભાવિત થયા.

- તા. ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી સુધી આધ્યાત્મિક શિબીર સેવા રૂરલમાં યોજાઈ ગઈ. રામકૃષ્ણ આશ્રમ મિશન, બરોડાથી પૂજય સ્વામી સુવિજ્ઞેયાનંદજી (રાજેન્દ્ર મહારાજ) ખાસ **નારદ ભકિત સુત્ર** ઉપર વિવેચન કર્યુ. સાથે સાથે ઉપસ્થિત સૌ કાર્યકરો પૈકી રામકૃષ્ણદેવનાં અતરંગ ભકતોની જીવન અને કવનની રજુઆત કરી.

- સેવા રૂરલનાં મેનેજીંગ ટ્રસ્ટી સ્વર્ગસ્થ ડાહયાભાઈ આનંદપુરાનાં ૨૦મી જાન્યુઆરી નાં જન્મદિન પ્રસંગે સંસ્કારદિપ સ્કુલ (GIDC , અંકલેશ્વર) ના સ્થાપનાનાં ૨૦માં વર્ષના પ્રસંગે યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં સેવા રૂરલનાં કાર્યકરોએ ભાગ લીધો. ખાસ કરીને **'મોહનથી મહાત્મા'** નાટક ખૂબ પ્રભાવિત હતું.

- વર્ષ ૨૦૨૧–૨૨માં સેવા રૂરલે ગ્રેટ પ્લેસ ટુ વર્ક સંસ્થાનાં સર્વેમાં કેટલીક બાબતોમાં કાર્યકરોએ અગાઉનાં વર્ષોની સરખામણીમાં ઓછા માર્ક પ્રાપ્ત કર્યા છે. જેમાં મુખ્યત્વે કોમ્યુનીકેશન ગેપનો સમાવેશ થાય છે. આ અંગે સંસ્થાએ મનોમંથન શરૂ કર્યુ છે.

- દર વર્ષની જેમ તા.૧૮મી ફેબ્રુઆરીએ રામકૃષ્ણ દેવનો જન્મદીન પ્રાર્થના મંદિરમાં ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે જુના કાર્યકરો પૈકી ડો.શ્રીધરભાઈ, દશરથભાઈ રાવલ વિગેરે ખાસ ઉપસ્થિત રહયા હતા. અને ત્યારબાદ અડધા દિવસની આધ્યાત્મિક શીબીર રાખેલ હતી.

- સેવા રૂરલના અને શારદા મહિલા વિકાસ સોસાયટીના કાર્યકરોને જયારે પણ નિમણૂંક પત્ર આપવામાં આવે છે ત્યારે ત્યારે વિભાગીય વડા જે તે કાર્યકર સાથે સંવાદ કરે છે. ત્યારબાદ આવા કાર્યકરને કાયમી નિમણૂંક પત્ર મળે છે ત્યારે ત્યારે અને કાયમી કાર્યકરો સાથે દર બે વર્ષે વિભાગીય વડા કાર્યકરના સ્વવિકાસ માટે સંવાદ કરે છે. આ સંવાદ વખતે ખાસ કરીને કાર્યકરોમાં રોજબરોજના કાર્યમાં કાર્યનિષ્ઠા, અને ગરીબો માટેની સંવેદના ઉપર સંવાદ કરવામાં આવે છે સાથે સાથે કાર્યકરને વિવિધ તાલીમ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

- માર્ચ ૨૦૨૩ સુધીમાં નીચેના કાર્યકરો નિવૃત થયા છે. સેવા રૂરલ આ કાર્યકરોએ સંસ્થામાં આપેલા યોગદાનની સહર્ષ નોંધ લે છે.

  (૧) રમેશભાઈ ગોસ્વામી– કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ

  (૨) ધનજીભાઈ આહીર– મેઈલ નર્સ કસ્તુરબા હોસ્પિટલ

## કસ્તુરબા હોસ્પિટલ

- તા.૨૩ માર્ચ ૨૩ના રોજ મમતા હોસ્પિટલ અંકલેશ્વરનાં ડો.નિરજ ગુપ્તા દ્વારા આયોજિત ગાયનેક તથા NICU ન્યુબોર્ન રીસસીટેશન પ્રોગ્રામ સંદર્ભે અંકલેશ્વરમાં યોજાયેલ સેમીનારમાં ડો.પ્રદિપભાઈ, ડો.રૂપાલીબેન, ડો.કલ્પેશભાઈ, ડો.પ્રકાશભાઈ, ડો.હિમાંશુભાઈ, સુનિતાબેન, આશાવતીબેન, જયાબેન, રેણુકાબેન, સ્નેહાબેન, ડો.ભૂમિકાબેન, ડો.અંજનાબેન, કુલ ૧૨ જણ જઈ આવ્યા.

- તા.૧૮ માર્ચ ૨૩નાં રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝઘડિયા દ્વારા આયોજિત, આશા કાર્યકરોનું સ્નેહમિલન તથા પત્રકારોનો સન્માન સમારોહમાં ડો.ગાયત્રીબેન દેસાઈ તથા વિક્રમસિંહ વાંસદીયા અતિથિ તરીકે જઈ આવ્યા.

- આયુષ્યમાન યોજના દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓને સારો એવો લાભ મળી રહયો છે.

- સેવા રૂરલ કસ્તુરબા હોસ્પિટલ ઝઘડિયાનું ઇન્ડીયન હોસ્પિટલ એસોસીએશન વડોદરા ચેમ્બરનાં ડો. પ્રિતીબેન શર્મા, ડો.જગદિશભાઈ કામથ, ડો.મિનલબેન સોલંકી, દ્વારા તા.૧૭,૧૮ માર્ચ' ૨૩ બે દિવસ માટે હોસ્પિટલનું લીગલ એસેસમેન્ટ કરાવ્યું. આપણે લીગલ ડોકયુમેન્ટમાં કાંઈ ચૂકી તો નથી જતાં ને? તે માટે આ એસેસમેન્ટ કરાવ્યું. જેમાં એસેસમેન્ટ કરવા આવેલાં ડોકટરોનાં મતે હોસ્પિટલમાં ડોકયુમેન્ટ સારી રીતે મેઈન્ટેઈન થયેલું છે. અને મોટે ભાગનાં ડોકયુમેન્ટ સારી રીતે નિભાવ્યા છે. અને લીગલ કોમ્પલાયન્સ પણ સંતોષકારક છે. આ પ્રકારના ઓડિટ કરાવવાના પરિણામે, આપણી ક્ષતિઓ નિવારવાની તક મળે છે.

**ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર સર્જરી કેમ્પ**

| અ.નં. | માસ | ઓપીડી | સર્જરી | રીફર |
|---|---|---|---|---|
| ૧ | જાન્યુ. ૨૩ | ૨૩ | ૪ | ૭ |
| ૨ | ફેબ્રુ. ૨૩ | ૨૩ | ૬ | ૭ |
| ૩ | માર્ચ. ૨૩ | ૧૭ | ૩ | ૨ |
| **કુલ** | | **૬૩** | **૧૩** | **૧૬** |

**ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર ગાયનેક કેમ્પ**

| **અ.નં.** | **માસ** | **ઓપીડી** | **રીફર** |
|---|---|---|---|
| ૧ | જાન્યુ. ૨૩ | ૯૭૮ | ૨૫ |
| ૨ | ફેબ્રુ. ૨૩ | ૯૯૩ | ૨૦ |
| ૩ | માર્ચ. ૨૩ | ૧૧૧૫ | ૨૯ |
| **કુલ** | | **૩૦૮૬** | **૭૪** |

## સેવા રૂરલ, કસ્તુરબા હોસ્પિટલ
## મેડિકલ કમિટીના સભ્યોના નામો (મુદતઃ એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૬)

| | | |
|---|---|---|
| શ્રી જીલ્લા વિકાસ અધિકારી | જીલ્લા પંચાયત | ભરૂચ |
| શ્રી સિવિલ સર્જન | સિવિલ હોસ્પિટલ | ભરૂચ |
| શ્રી મેડીકલ ઓફીસર પ્રા.આ. કેન્દ્ર | મેડીકલ ઓફીસર | ઝઘડીયા |
| શ્રીમતી શાહીનબેન પઠાણ | આરોગ્ય કાર્યકર | મોટા સાંજા |
| શ્રી રમેશભાઈ મનુભાઈ શાહ | સ્થાનિક શુભેચ્છક | ઝઘડીયા |
| શ્રી કિરીટભાઈ પટેલ | સામાજીક કાર્યકર | અવિધા |
| શ્રી ડો. ચંદ્રકાંતભાઈ વોરા | ફીજીશ્યન, સેવા રૂરલ | ઝઘડીયા |
| શ્રી હેમંતભાઈ અનિલચંદ્ર દોશી | સામાજીક કાર્યકર | ઉમલ્લા |
| શ્રી જયદિપસિંહ ચૌહાણ | આચાર્યશ્રી | નવા રાજુવાડીયા |
| શ્રી અંબુભાઈ પ્રજાપતિ | રીટાયર્ડ આરોગ્ય શાખા | ડેડીયાપાડા |
| શ્રી ડો. પ્રશાંતભાઈ વસાવા | પીડીયાટ્રીશ્યન | ભરૂચ |
| શ્રીમતી સપનાબેન ભરતભાઈ પટેલ | સહયોગીની SMVS | વાઘપુરા |
| શ્રીમતી શર્મિષ્ઠાબેન રજવાડી | આશા કાર્યકર | ઝઘડીયા |
| શ્રી જીતેન્દ્રસિંહ એસ. બોડાણા | આરોગ્ય કાર્યકર | ઝઘડીયા |
| શ્રીમતી ડો.ગાયત્રીબેન એસ. દેસાઈ | મેડીકલ ડાયરેકટર, સેવા રૂરલ | ઝઘડીયા |
| શ્રી એસ. કે. મોહંતી | CEO બિરલા સેન્ચ્યુરી | ઝઘડીયા |

# બચાવેલ માતા

**નામ : સુરમાબેન હરેશભાઈ વસાવા**
**જોખમી સગર્ભા : બચાવેલ માતા**
**ગામ : કંજાલ , ઠે : પાનવાડી ફળિયું**
**તાઃ ડેડીયાપાડા , જીઃનર્મદા**



સુરમાને બીજી વારના મહિના હતા. આગળ એક વખત અધુરા માસે ઘરે (૫–મહિને )કસુવાવડ થઈ ગયેલ હતી. બેન ૧૯/૧/૨૩ ગુરુવારે ડેડીયાપાડા કેમ્પમાં સગર્ભા તપાસ કરાવવા માટે આવેલા હતા. ત્યારે , અઢી મહિનાની પ્રેગ્નેન્સી ચાલું હતી. બેનને તપાસ કરીને, ફોલીક એસિડ, એસ્પીરીન (લોહી પાતળુ કરવાની) દવા ચાલુ કરી. સોનોગ્રાફી કરી, તો ખબર પડી કે બેનને ડાબી બાજુના બીજાશય માં મોટી પાણીની સાદી ગાંઠ છે. બેનના સગાને ડોકટરે સમજાવ્યા કે બેનને ડાબી બાજુના બીજાશયમાં ગાંઠ છે. કેમ્પમાંથી સેવા રૂરલમાં રીફર કર્યા. ફરી ૨૦/૧/૨૦૨૩ ના રોજ ચેકઅપ માટે આવ્યા , અને સોનોગ્રાફી કરી. બેનના પતિને ડોકટરે સમજાવ્યા કે બેનને ડાબી બાજુના બીજાશય માં ગાંઠ છે, તેનું ઓપરેશન કરવું પડશે અને ઓપરેશન બેનને ચોથો મહિનો પૂરો થાય પછી કરી આપીશું, તમારે મહિના પછી ફરી બતાવવા આવવાનું છે. તા ૨૭/૨/૨૦૨૩ ના રોજ બતાવવા માટે આવ્યાં, તપાસ કરી, ૧૬.૨ વિક પ્રેગ્નેન્સી ચાલું હતી, સોનોગ્રાફી કરી, ગાંઠ મોટી હતી. બેનનાં પતિને દાખલ થવા માટે સમજાવ્યા, અને જણાવેલ કે ડાબી બાજુના બીજાશયમાં જે ગાંઠ છે. તેનું ઓપરેશન કરી કાઢવી પડશે. આ ગાંઠ કેન્સરની ગાંઠ છે કે સાદી ગાંઠ છે તે ઓપરેશન પછી બહારની લેબોરેટરીમાં તપાસ કરાવી તેનું નિદાન કરવું પડશે. ઓપરેશન સિવાય બીજી કોઈ સારવાર શકય નથી. બેનના પતિ ઓપરેશન કરાવવા માટે તૈયાર ન હતા, દાખલ થયા નહિ અને ઘરે જઈ સગાને વાત કરી અને તા ૨૮/૨/૨૩ ના રોજ ડેડીયાપાડા કેમ્પમાં ફરી દાખલ થવા માટે આવેલ હતા. બેનને હોસ્પિટલમાં દાખલ કરવા માટે સેવા રૂરલ ની ગાડીમાં SR દાખલ થવા માટે લઈ આવ્યા હતાં ૨૮/૨/૨૩ ના રોજ હોસ્પિટલમાં દાખલ કર્યા. લોહીના રીપોર્ટ કરાવ્યા , ફરી સનોગ્રાફી કરી. બધું સારૂ હતું. તા : ૨/૩/૨૩ ના રોજ બેનનું ઓપરેશન કર્યુ . અને **ડાબી બાજુના બીજાશયમાંથી ૪ કિલોની પાણીની ગાંઠ કાંઢી.** બેનનું સરસ રીતે ઓપરેશન થઈ ગયું. ઓપરેશન પછી બેન અને બાળક બંને સારા છે. ઓપરેશન પછી જનરલ વોર્ડમાં દાખલ છે. સેવા રૂરલ હોસ્પિટલમાં ૪ કિલોની ગાંઠ કાઢવાનું સફળ ઓપરેશન થયું.

## આંખ વિભાગ :

આંખ વિભાગમાં કોરોનાકાળ પહેલાં રેટીનાં સર્જન આવતાં હતાં ત્યારે ઓ.પી.ડી. વિભાગની સારવાર સેવા રૂરલમાં થતી હતી. પરંતુ સર્જરીને લગતી સારવાર સેવા રૂરલમાં નહોતી થતી આમ જોવા જઈએ તો રેટીના (પડદા)ને લગતી સારવાર બહારની હોસ્પિટલોમાં ઘણી મોંઘી અને આ સારવાર માટે માંડવી, સુરત, વડોદરા જ દર્દીએ જવું પડે, સેવા રૂરલમાં ડાયાબીટીસનાં દર્દીઓની સારવાર થાય અને ડાયાબીટીસના દર્દીઓ પણ ઘણાં અને ડીલીવરી વધુ થાય જેથી NICU માં ન્યુબોર્ન બેબી પણ ઘણાં આમ ડાયાબીટીસ અને ન્યુબોર્ન દર્દીઓની સંખ્યા પણ સારી એવી, જેથી આ દર્દીઓને આપણે અહીં જ સારવાર આપી શકીએ અને આપણાં દર્દીઓ પણ ગરીબ જે આ પડદાની સારવાર કરાવવા બહાર જઈ શકે નહીં. માટે રેટીના (પડદા)ની સારવાર માટે મોંઘા મશીન લાવીને સારવાર શરૂ કરીએ તે માટે આપણે રેટીના સર્જન ડો. સાલીનભાઈ શાહ પણ મળ્યા અને ટૂંક સમયમાં રેટીના સર્જરીની સારવાર પણ શરૂ કરી શકીશું. એ માટેના જરૂરી સાધનોની પણ ખરીદી કરીશું.

## આંખ કેમ્પ દાતાઓની વિગત (ઓકટો.'૨૦૨૨થી ડિસે. ૨૦૨૨ દરમ્યાન)

| અ.નં. | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૦૧/૦૧/૨૩ | રાજપારડી | ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ (RPL) ઉમલ્લાના સૌજન્યથી |
| ૨. | ૦૮/૦૧/૨૩ | કેશવાણ | વાગરા | બિરલા કોપર / ડી.એસ.આઈ.એલ. દહેજના સૌજન્યથી |
| ૩. | ૧૫/૦૧/૨૩ | દેરોલ | ભરૂચ | ગ્રામ્ય જન સેવા ટ્રસ્ટ વિલાયતના સૌજન્યથી |
| ૪. | ૨૨/૦૧/૨૩ | સુરવાડી | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૫. | ૨૯/૦૧/૨૩ | માંકડઆંબા | ગરૂડેશ્વર | સ્વ.પેશલ રાજુલ શાહના સ્મરણાર્થે |
| ૬. | ૦૫/૦૨/૨૩ | અંદાડા | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૭. | ૧૨/૦૨/૨૩ | ઝઘડિયા | ઝઘડિયા | યુ.પી.એલ. યુનિટ ૦૫ ઝઘડિયાના સૌજન્યથી |
| ૮. | ૧૯/૦૨/૨૩ | ભમાડિયા | વાલીયા | ઝેડ.સી.એલ.કેમિકલ્સ અંકલેશ્વરના સૌજન્યથી |
| ૯. | ૨૬/૦૨/૨૩ | મોનાલી | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૧૦. | ૦૫/૦૩/૨૩ | ખરોડ | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૧૧. | ૧૨/૦૩/૨૩ | કરા | વાલીયા | ઝેડ.સી.એલ. કેમિકલ્સ અંકલેશ્વરના સૌજન્યથી |
| ૧૨. | ૧૯/૦૩/૨૩ | નવા હરિપુરા | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૧૩. | ૨૬/૦૩/૨૩ | દેશાડ | વાલીયા | ડેકકન ફાઈન કેમીકલ્સ (ઈન્ડીયા) પ્રા.લી. અંકલેશ્વરના સૌજન્યથી |

## કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ

- જહોન્સ હોપકીન્સ સ્કુલ ઓફ પબ્લીક હેલ્થ (USA) અને ગેટસ ફાઉન્ડેશન દ્વારા " Excellenc For Digital Health " નામનો રીસર્ચ પ્રોજેકટ શરૂ થયો છે. આ પ્રોજેકટની "ટેકનીકલ એડવાઝરી ગ્રુપ" માં સેવા રૂરલના પ્રતિનિધિનો સમાવેશ થયો છે કે જે ગર્વની બાબત છે. ટેકનીકલ એડવાઝરી ગ્રુપની પ્રથમ ઓનલાઈન મીટીંગ તા.૨૨ ફેબ્રુ.૨૩ ના રોજ મળી કે જેમાં ડો.શ્રેયભાઈએ ભાગ લીધો.
- તા ૬ અને ૭ જાન્યુઆરીનાં રોજ બેંગલોર ખાતે 'ઈન્ડીયા ડીજીટલ હેલ્થ સમિટ' માં સેવા રૂરલને અનુભવો શેર કરવા માટે આમંત્રણ મળયું હતું. ભારતમાં ડીજીટલ હેલ્થ વિશેનાં ઘણા પ્રોજેકટ વિશે ચર્ચામાં ભાગ લીધો અને હવે પછીના આયોજન વિશે નિર્ણયો લેવાયા. ડો. ધીરેનભાઈ અને ડો.શ્રેયભાઈ એ આ સમિટમાં ભાગ લીધો હતો.
- ૧૫–૧૭ જાન્યુઆરી, ગોવા ખાતે ડીજીટલ હેલ્થ સંદર્ભે સમન્વય સંસ્થા, બેંગ્લોર દ્વારા કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ડો.ધીરેનભાઈએ સેવા રૂરલ અને જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટમાં ડીજીટલ હેલ્થ થકી થયેલા ફેરફારોની વાત કરી હતી.
- ૨૦–૨૧ જાન્યુઆરી, કાંગારૂ મધર કેર કોન્ફરન્સ ઓરીસ્સા ખાતે યોજાઈ હતી તેમાં સેવા રૂરલનાં કાંગારૂ મધર કેરનાં ફિલ્ડનાં અનુભવોનું પ્રેઝન્ટેશન ડો. ધીરેનભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ હતું.
- પારૂલ ઈન્સ્ટિટયુટ, વડોદરા ખાતેથી ડો.વસુધાબેન માઢક MPH નાં કાર્યોનાં ભાગરૂપે પોતાનું મહાનિબંધ (Thesis) નો ભાગ રૂપે ૪ મહિના માટે સેવા રૂરલ આવેલા છે.
- IIPH, ગાંધીનગર ખાતેથી MPH નાં વિદ્યાર્થીની હેત્વીબેન ચૌહાણ તેમનો મહાનિબંધ (Thesis) નાં ભાગરૂપે સેવા રૂરલ ખાતે ૬ મહિના માટે આવેલા છે.
- વાધવાણી AI, દિલ્હીથી તેમની ટીમનાં ત્રણ ટેકનીકલ સભ્યો બે દિવસની પ્રોજેકટની કામગીરી અને સેવા રૂરલ સંસ્થા દર્શન માટે ૨૪–૨૫ જાન્યુઆરી નાં રોજ આવ્યા હતા.
- દિપક ફાઉન્ડેશન, વડોદરા જે દહેજ (ભરૂચ) ખાતે કુપોષણ સંદર્ભે પ્રોજેકટ ચલાવી રહયા છે તેમાંથી ડો.મુકેશગીરી અને તેમની ટીમ બીજી ફેબ્રુઆરીનાં રોજ સેવા રૂરલ દ્વારા ચાલતા કિશોર–કિશોરી પ્રોગ્રામ તથા SNCU ફોલોઅપ પ્રોજેકટની કામગીરી અને ખાસ તો સેવા રૂરલ એનિમિયા અને કુપોષણ માટે ફિલ્ડ લેવલે કેવા પ્રયત્નો કરે છે તે જાણવા–સમજવા આવ્યા.
- ભારત સરકાર દ્વારા ૨૦૨૩ના બજેટમાં સીકલ સેલ નાબુદી વિશેનું મીશન મોડ પ્રોજેકટ માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ મિશનને આકાર આપવા માટે એક રાષ્ટ્રીય ચર્ચામાં સેવા રૂરલને અનુભવો શેર કરવા માટે આમંત્રણ મળેલું. તા ૨૯ ફેબ્રુઆરીનાં રોજ યોજાયેલ આ રાષ્ટ્રીય ચર્ચામાં ડો. ગાયત્રીબેન દેસાઈએ સેવા રૂરલનાં અનુભવો રજુ કર્યા કે જેની નોંધ ભારત સરકારમાં પ્રતિનિધિઓએ લીધી હતી.
- ભાવનગર મેડીકલ કોલેજનાં, PSM (પબ્લિક હેલ્થ) વિભાગનાં ૨ આસીસ્ટન્ટ પ્રોફેસર સાથે કુલ ૧૭ ડોકટરો સેવા રૂરલની મુલાકાતે ૧૬–૧૭ ફેબ્રુઆરીનાં રોજ આવ્યા હતા. સેવા રૂરલના ફિલ્ડમાં ચાલતાં વિવિધ પ્રોજેકટની જાણકારી મેળવી, ફિલ્ડ વિઝીટમાં રૂબરૂ મુલાકાત કરી. સાથે સાથે સેવા રૂરલનાં ડો.પંકજભાઈ શાહ, ડો.ધીરેનભાઈ મોદી, ડો.શોભાબેન શાહ તથા ડો.શ્રેયભાઈ દેસાઈ જોડે સેવા રૂરલનું પબ્લિક હેલ્થમાં પ્રદાન તથા પડકારો વિશે વાતો થઈ.

## હેલ્થ ટ્રેનિંગ સેન્ટર

### શાળા આરોગ્ય કાર્યક્રમઃ

- એડોલેસન્ટ સાથે શાળાકીય પ્રવૃત્તિમાં હાલ વર્ષના અંતમાં કરવામાં આવતી આરોગ્ય તપાસ કરી રહયા છીએ.જયારે જાગૃતિ કાર્યક્રમમાં નાની ઉંમરે લગ્ન,વ્યસન,મોરલ એજયુકેશન વિશે સેશન લીધા.

## પીયર એજયુકેટર ઓએસીસ–લાઈફ કેમ્પ :

- ૨૨,૨૩ ફેબ્રુઆરી ૨૦૨૩ બે દિવસ એડોલેસન્ટ કાર્યવિસ્તારની શાળાના ૬૭ પીયર એજયુકેટર સાથે "લાઈફ કેમ્પ" કર્યો. કેમ્પમાં જીવન કૌશલ્ય વિષયો પર મારું જીવન મારી પસંદગી, જીવનમાં સપના કેવી રીતે જોવા,મહેનતનું મહત્વ, આત્મવિશ્વાસની કેળવણી, સફળ વ્યકિત કેમ સફળ છે? તેના પર પીયર એજયુકેટરોને વિવિધ એકટીવીટી દ્વારા ચિંતન કરાવ્યુ.

## પીયર એજયુકેટર મિટીંગ

- ૨૫ માર્ચ ૨૦૨૩ ના રોજ ૮૯ પીયર એજયુકેટર સાથે પ્રેમ શું છે? અને આરોગ્યના વિષયોની કેસસ્ટડી અને રોલપ્લેમાં સહભાગીતાથી સમજ આપવામાં આવી.

## તાલીમ કેન્દ્ર સમાચાર :

## અન્ય સંસ્થા તાલીમ :

- **સેટકો ફાઉન્ડેશન :** ૧૪,૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩ માતૃબાળ સંભાળ,એડોલેસન્ટ અને પોષક આહાર વિષય પર ૧૦ સુપરવાઈઝર કાર્યકર બહેનોની બે દિવસની તાલીમ કરી.
- **આગાખાન નેત્રંગ :** ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૩ આગાખાન – નેત્રંગનાં ૪૪ ગ્રામ્ય બહેનો સાથે માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન પર એક દિવસની તાલીમ કરી.
- ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ રાજપારડી વિસ્તારમાં કામ કરતી ભરૂચના **"વાસ્મો પ્રોજેકટ"** દ્વારા આયોજિત પાણી સમિતિના ૩૦ જેટલા લીડર બહેનો સાથે રાજપારડી ગ્રામપંચાયત સ્થળે "મહિલા સશકિતકરણ" વિષય પર સેવા રૂરલના પ્રતિનિધિ દ્વારા વાત કરવામાં આવી.
- **સ્કીલ બર્થ અટેન્ડન્સ(SBA) :** ૨૭ જાન્યુઆરી થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન પાણેથા, ચાસવડ, કોંઢ, અવિધા આરોગ્ય સેન્ટરના ૪ બહેનોએ સુરક્ષિત ડીલેવરી કરાવવાની ૨૧ દિવસની તાલીમ પુર્ણ કરી.
- ૨ માર્ચ ૨૦૨૩ ના રોજ **સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર (SIHFW)** દ્વારા આયોજીત વડોદરામાં એડોલેસન્ટ કાઉન્સેલર વર્કશોપમાં ૪૦ એડોલેસન્ટ કાઉન્સેલર સાથે ગ્રોઈંગ હેલ્ધી, પ્રજનનતંત્ર અને માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન, જેન્ડર, કોમ્યુનીકેશન વિષય પર એક દિવસની તાલીમ આપી.

## સ્વરક્ષણ તાલીમ :

- APTNની તાલીમાર્થી ૮ બહેનો સાથે જાતિય સતામણી કોને કહેવાય? કોણ કરે? કેમ કરે? કયાં થાય? તે જાણકારી આપી. સાથે સ્વબચાવ માટેની સમજ આપી.
- **બિરલા સેન્ચુરી** – ઝઘડીયામાં જાતિય સતામણી વિરોધિ સમિતિમાં સેવા રૂરલ સંસ્થામાંથી સભ્ય હોવાથી ત્યાં ડો.શોભાબેન અને ગાયત્રીબેન પટેલે મુલાકાત કરી. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ કંપનીમાં કામ કરતા ૧૧૫ બહેનો સાથે જાતિય સતામણી એટલે શું? તે વિશેની જાણકારી આપી.
- તા. ૨૩ ફેબ્રૂઆરી ૨૦૨૩ ના રોજ **સંકલિત બાળ વિકાસ–ઝઘડીયા (ICDS)** દ્વારા આયોજિત "સશકત અને સુપોષિત કિશોરી અભિયાન" મેળામાં ૨૫૦ થી વધુ કિશોરીઓ,આંગણવાડી બહેનો સાથે જાતિય સતામણી એટલે શું? અને બચાવ જાણકારી સેવા રૂરલ દ્વારા આપવામાં આવી.
- **મહિલા ગ્રામ સુરક્ષા સમિતિઃ** ૧૬ ફેબ્રુ.૨૦૨૩ ના રોજ ઝઘડીયા ગામની મહિલા સુરક્ષા સમિતિની મીટીંગ થઈ. સમિતિના સભ્યો ઉપરાંત ઝઘડીયા પોલીસ સ્ટેશનમાંથી મહિલા પોલીસ, ગ્રામ રક્ષક દળ ના બહેનો હાજર રહયા હતા. ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ પણ હાજર હતી.
- એડવાન્સ પ્રેકટીકલ ટ્રેનીંગ ફોર નર્સીંગ (APTN) તાલીમાર્થી ૧૨ બહેનો સાથે ૧૦ માર્ચ ૨૦૨૩ ના રોજ જાતિય સતામણી કોને કહેવાય ? કોણ કરે ? કેમ કરે ? કયાં થાય ? તે જાણકારી આપી. સાથે સ્વબચાવ માટેની સમજ આપી.

## એડોલેસન્ટ કાર્યક્રમ સંકલન તાલીમ :

- **શિક્ષક તાલીમ :** ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ઝઘડીયા તાલુકાની ૪૦ જેટલી પ્રાથમિક અને માધ્યમીક શાળાના ૩૨ શિક્ષકશ્રીઓ સાથે સેવા રૂરલમાં ચાલતા એડોલેસન્ટ કાર્યક્રમ વિશે અને એડોલેસન્ટમાં એનીમિયા,પોષક આહાર, સીકલસેલ, પ્રજનનતંત્ર, માસિક સ્વચ્છતા જેવા આરોગ્યના વિષયો પર એક દિવસીય તાલીમ કરી. શિક્ષક તરીકે તેઓને પણ એડોલેસન્ટ માટેના પ્રશ્નોના નિરાકરણમાં ભુમિકા અગત્યની છે જેથી આજની તાલીમે તેઓના જ્ઞાનમાં વધારો કર્યો છે અને બાળકોને મદદરૂપ બનવા માર્ગદર્શકરૂપ બની છે તેવા પ્રતિભાવ આપ્યા.
- **આંગણવાડી કાર્યકર તાલીમ :** ૨૧ જાન્યુ. ૨૩ ના રોજ ૪૬ આંગણવાડી બહેનો સાથે સેવા રૂરલ એડોલેસન્ટ કાર્યક્રમ વિશે સંકલન કર્યુ. એક દિવસીય તાલીમમાં એડોલેસન્ટનમાં જોવા મળતા પ્રશ્નો ની ગ્રુપચર્ચા કરી અને આરોગ્યના વિષયોની જાણકારી આપી.આંગણવાડી કાર્યકરોને જણાવ્યુ કે નાની ઉંમરે લગ્ન ,નાની ઉંમરે મહિના રહેવા, નાની ઉંમરે પ્રેમ સબંધમાં રહેવુ જેવા પ્રશ્નોનુ પ્રમાણ ગામડાઓમાં વધી રહયુ છે.
- **ફીમેલ હેલ્થ વર્કર તાલીમ :** ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ઝઘડીયા તાલુકાના ૪૭ ફીમેલ હેલ્થવર્કર બહેનો સાથે TeCHo એપમાં એડોલેસન્ટ એપનો ઉપયોગ અને પડતી મુશ્કેલીઓની ચર્ચા સંદર્ભે એક સંકલન તાલીમ કરી.
- **આશા કાર્યકર તાલીમ :** ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ઝઘડીયા તાલુકાની ૬૫ આશાકાર્યકર અને ફેસીલીટેટરની બહેનો સાથે એડોલેસન્ટ પ્રશ્નો ની ચર્ચા અને આરોગ્યના વિષય પર એક દિવસીય તાલીમ કરી.આયર્ન અને અલબેન્ડાઝોલ ગોળીઓ એડોલેસન્ટને સમયસર નથી મળતી તે માટે સેવા રૂરલ કાર્યકરો સાથે સંકલન કરતા રહેવાની રજુઆત કરી.

## ઓરીએન્ટેશન કાર્યક્રમ :

- ૧૧ ફેબ્રુઆરી ના રોજ UPL કંપનીમાંથી ૩૦ સ્ટુડન્ટનું એક ગ્રુપ સંસ્થાદર્શન માટે આવ્યું હતું.
- ૧૬–૧૭ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન ભાવનગર મેડીકલ કોલેજના પ્રિવેન્ટીવ સોશિયલ મેડીસીન (MD PSM) વિભાગમાં અભ્યાસ કરી રહેલ ૧૯ સભ્યોની ટીમે સેવા રૂરલના કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ અને એડોલેસન્ટ વિભાગની ફીલ્ડની કામગીરી ખુબજ રસપ્રદ રીતે જોઈ. ઘણું જાણવા શીખવા મળ્યાની લાગણી વ્યકત કરી.
- ૨ ફેબ્રુ.૨૩ ના રોજ દીપક ફાઉન્ડેશનમાંથી ૪ સભ્યોની ટીમે એડોલેસન્ટ કાર્યક્રમમાં એનીમીયાની પ્રવૃત્તિ જોઈ.
- ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી "પોસ્ટગ્રેજયુએટ ડીપ્લોમાં ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ " નો અભ્યાસ કરતા ૨૦ વિદ્યાર્થીઓ સેવા રૂરલ – હોસ્પિટલની મુલાકાતે આવ્યા.

## વિદ્યાર્થી પ્લેસમેન્ટ:

- ૧૬ થી ૨૯ જાન્યુ.૨૩ કરમસદ મેડીકલ કોલેજમાંથી રેસીડેન્ટ ડો.ધારાબેન કમ્યુનીટી મેડીસીન પોસ્ટીગ સંદર્ભે ૧૫ દિવસ હોસ્પિટલ અને ફીલ્ડની વિવિધ પ્રવૃત્તિઓની વિઝિટ કરી.
- ૨ થી ૩૦ જાન્યુ. અને ૫ જાન્યુ.થી ૫ ફેબ્રુ.૨૦૨૩ માસમાં ગાંધી વિદ્યાપીઠ – વેડછી, નુતન ભારતી ગ્રામ સેવા વિદ્યાલય– મડાણાગઢ થી બેચલર ઓફ રૂરલ સ્ટડી (BRS) માં અભ્યાસ કરતા ૪ વિદ્યાર્થી ભાઈ બહેને એક માસના કેન્દ્ર નિવાસ દરમ્યાન વિજીટીકે અને એડોલેસન્ટ વિભાગમાં સર્વેની કામગીરી કરી.
- ગુજરાત યુનિવર્સિટી – સમાજકાર્ય વિભાગ – અમદાવાદથી માસ્ટર ઓફ સોશ્યલ સાયન્સમાં (MSW ) અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીએ ૧ થી ૨૮ ફેબ્રુઆરી એડોલેસન્ટ વિભાગ અને શારદા મહિલા વિકાસ સોસાયટીના ટ્યુટોરીયલમાં આવતા બાળકોની આહારની ટેવો પર સર્વે કરી પરિણામ શોધ્યું કે બાળકો સવારનો નાસ્તો લેતા નથી. માતા પિતા મજુરીએ જતા હોય બરાબર ધ્યાન નથી આપી શકતા.

## કાર્યકરોનો સ્વવિકાસ કાર્યક્રમ :

- **માસિક સ્વચ્છતા વ્યવ્યસ્થાપન સમીટ :** ૧૧,૧૨ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન દિલ્હીમાં

''ગ્રામાલય'' આયોજિત માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન સમીટમાં ડો.શોભાબેન અને ગાયત્રીબેન જોડાયા. દેશભરના પ્રતિનિધિઓ સહભાગી હતા. માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન માટે કરેલ પ્રયત્નો અંગે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ રજુઆત કરી. વિવિધ શોષકો અને માહિતિના સ્ટોલ હતા. સેવા રૂરલે પણ માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન કોર્નર બનાવ્યો હતો.

- **ઓએસીસ L3 કેમ્પ :** તા.૧૭ થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ ૩ દિવસ ઓએસીસ L3 કેમ્પમાં થયો. શૈશવ–ભાવનગર, હરીકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ – અમરેલી અને સેવા રૂરલ સંસ્થામાંથી ૧૨ તાલીમાર્થીઓ જોડાયા. ઓએસીસ સંસ્થામાંથી મેઘાબેન અને સમીરભાઈએ કેમ્પ સંચાલન કર્યો.
- તા.૨૦–૨૧ ફેબ્રુ.૨૩ ના રોજ શ્રી મહેશભાઈ ભટ્ટ દ્વારા સંસ્થાના ૫૦ કાર્યકરો સાથે **કોમ્યુનીકેશન વર્કશોપ** કરવામાં આવ્યો જેમાં ઉદાહરણ,નિદર્શન, રમતના માધ્યમથી સારી સમજ મેળવી હતી.
- ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ સેવા રૂરલ ઓફીસ સ્ટાફ સાથે કોમ્યુનીકેશન શેષન ડો.શોભાબેને લીધુ.
- ૩૫ જેટલા સ્ટાફનર્સ બહેનો સાથે ૨૧ ફેબ્રુ.૨૩ ના રોજ જાતિય સતામણી એટલે શુ ? તે સમજાવ્યુ.
- **વિજીટીકે સ્ટુડન્ટ સેશન :** ૨૭ ફેબ્રુ.૨૩ ના રોજ નાની ઉંમરે લગ્ન અને કુંટુંબ કલ્યાણ જાગૃત્તિ સેશન ૧૧૭ સ્ટુડન્ટ સાથે લીધુ.
- ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન **ઓએસીસ પ્રેરિત ''લાઈફ કેમ્પ ''** નર્સીગ આસીસ્ટન્ટની ૧૬ વિદ્યાર્થીનીઓ બ્યુટી પાર્લરની ૨૦ અને શિવણની ૪૭ તાલીમાર્થી બહોનોએ લાઈફ કેમ્પના શેષનનો લાભ લીધો.
- ૧૨ માર્ચ ૨૦૨૩ ના રોજ જયોત્સનાબેન મોતાવલે ગુજરાત સ્વૈચ્છિક સંસ્થાના ૨૭ જેટલા પીયર એજયુકેટર સાથે ઓનલાઈન એનીમિયા વિશે કલાસ લીધા
- યુનીસેફ અને સંકલિત બાળ વિકાસ વિભાગના સહયોગથી આંગણવાડીના સખી, સહસખી માટે 'પૂર્ણા મોડયુલ' બનાવવામાં આવ્યુ.ગુજરાતમાં કિશોરીઓમાં કુપોષણનું પ્રમાણ ઓછુ કરવા 'પૂર્ણાશકિત પેકેટ' આપવામાં આવે છે. પોષણ, જેન્ડર, સોશ્યલ મિડિયા,પ્રજનન સ્વાસ્થ્ય,લાઈફ સ્કીલ, સખી સહસખીની (પીયર એજયુકેટરની) ભુમિકા વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા.
- **જે.એન પીટ્રીટ – લાયબ્રેરી** અંકલેશ્વર દ્વારા ૭ જાન્યુ.૨૩ મોરીયાણા આશ્રમ ૧૮ ફેબ્રુ.૨૩ હરિપુરા અને રાજુવાડીયા આશ્રમમાં ઝોલા લાયબ્રેરીનુ ઉદઘાટન કર્યુ. ૨૦૦ જેટલા પુસ્તકોની ભેટ ત્યાં અભ્યાસ કરતી દીકરીઓને આપી.મોરીયાણાના ગૃહમાતાએ જણાવ્યું કે આ પ્રકારની પુસ્તકોની ભેટ અમને પ્રથમ વાર મળી છે,પુસ્તકો મળ્યાનો અમને ઘણો આનંદ છે.સાથે આશ્રમમાં રહેતી કિશોરીઓ માટે સુયોગ્ય શૌચાલયનો અભાવ હોવાની રજુઆત ગૃહમાતાએ કરતા તે માટે બનતી મદદ કરશે તેમ જે.એન.પીટ્રીટ લાયબ્રેરીના પ્રતિનિધિએ જણાવ્યુ.
- માસિક સ્વચ્છતા કોર્નર ડીસપ્લે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય – ગુજરાત (KGBV)માં ઝઘડીયા, નર્મદા, સાગબારા તાલુકામાં કર્યુ.
- ડેડીયાપાડા તાલુકાની ૮ જેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં માસિક સ્વચ્છતા કોર્નર મટીરીયલ પહોંચાડયું.
- ડીસપ્લેની કામગીરી કરી. સાથે ૧૦૦૦ જેટલી કિશોરીઓ સાથે માસિક સ્વચ્છતા કોર્નર દ્વારા વિવિધ શોષકોની અને માસિક સ્વચ્છતાની વાત કરી.
- યુનીસેફ અને સર્વ શિક્ષા અભિયાનના સહયોગથી ગુજરાતભરમાં ૨૪૯ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)માં મેન્સ્ટ્રુઅલ હાઈજીન કોર્નર કીટ આપવામાં આવી. તે અંગે બધા ગૃહમાતાને ઓનલાઈન તાલીમ પણ આપવામાં આવી.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા.૫ જાન્યુ. ૨૩ ના રોજ ફિટર ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ અખિલ ઈન્ડસ્ટ્રીઝ અને વિશ્વકર્મા એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝમાં વિઝીટ માટે લઈ જવામાં આવ્યા હતા જેમાં સી.એન.સી (CNC) મશીન, શીવર કટીગ મશીન, બેન્ડીગ મશીન પાવરપ્રેસ વગેરે મશીનો વિશે માહિતી મેળવી. આ ઉપરાંત રેલીગ મશીન અને ફેબ્રીકેશન એસેમ્બલી વિશે માહિતી મેળવી.

- તા. ૪ થી ૬ જાન્યુ.૨૩ના રોજ અજયકુમાર ગર્ગ એન્જીનીયરીંગ કોલેજ–ગાઝીયાબાદ (UP)માં ત્રણ દિવસની ટ્રેનિંગ માટે વિજીટીકેમાંથી મોહમ્મદ અશરફ સૈયદ ગયા હતા. જયાં તેમને મીગ, મેગ, જી.એમ.ડબલ્યું, સી.એસ.સી (CSC/Q0209)ની થિયરી અને પ્રેકિટકલની પરીક્ષા માટે ટ્રેનિંગ લીધી.
- તા.૧૨ જાન્યુ.૨૩ના રોજ વિજીટીકેના તમામ ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું સ્નેહમિલન રાખવામાં આવેલું જેમાં મુખ્ય મહેમાન તરીકે સ્વામી સુવિજ્ઞેયાનંદજી (રામકૃષ્ણ મિશન,વડોદરા) ખાસ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત શ્રી જે.બી.દવે (ડેપ્યુટી ઈન્ડસ્ટ્રીઝ કમીશનર) ઉપસ્થિત રહયા હતા.
- તા.૨૧ જાન્યુ.૨૩ના રોજ સ્ફૂર્તિ વંદના ગ્રુપ અંકલેશ્વરની ટીમ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની એક પરાક્રમની મહાગાથા ઉપર વિજીટીકેના તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું.
- તા.૨૪ જાન્યુ.૨૩ના રોજ કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓને પાનોલીમાં આવેલી પાનોલી એન્વાયરો ટેકનોલોજી લિમીટેડ (PETL) ઈન્ડસ્ટ્રીઝમાં વિઝીટ માટે લઈ જવામાં આવ્યા હતા જયાં વિવિધ પ્રકારના એરેશન ટેન્ક, સ્પ્રે ડ્રાયર, લેબોરેટરીમાં ચાલતા વિવિધ પ્રેકિટકલો અને ઓનલાઈન ચાલતા વિવિધ મીટરો (TOC, pH,TDS) વિશે માહિતી મેળવી.
- સૂર્યા ઓર્ગેનિક એન્ડ કેમીકલ્સ અંકલેશ્વરથી આવેલ શ્રી સાવન એસ.પાંડે દ્વારા કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું જેમાં તેમને વિવિધ પ્રકારના ફિલ્ટરેશન વિશે, રિએકટર અને બોઈલર વિશે તાલીમાર્થીઓને માહિતી આપી.
- તા.૨૬ જાન્યુ.૨૩ના રોજ વિજીટીકેમાં ૭૪મો પ્રજાસત્તાક દિને ધ્વજ વંદન ચાલુ બેચના પ્રિન્ટીંગ ટ્રેડના તાલીમાર્થી તડવી રામચંદ્ર દલસુખભાઈના હસ્તે કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થીઓ અને વિજીટીકેનો સ્ટાફ જોડાયો હતો.
- તા. ૨૬ જાન્યુ ૨૩ના ભરૂચ જીલ્લા ઉદ્યોગ અને કુટીર ઉદ્યોગોની કચેરી દ્વારા ૭૪મો પ્રજાસત્તાક દિનની ઉજવણી ભરૂચમાં હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી જેમાં વિજીટીકેમાંથી શાંતિલાલ જાદવ, અજયભાઈ લિમ્બચીયા અને તાલીમાર્થીઓ જોડાયા હતા જેમાં સ્ક્રેપમાંથી બનાવેલ ગાંધીજીની પ્રતિમાનું હોસ્ટેલ ગ્રાઉન્ડમાં ટેબ્લો દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું.
- તા. ૩૦ જાન્યુ.૨૩ ના રોજ ટર્નર કમ મશીનિષ્ટ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ જે.પી. ઈન્ડસ્ટ્રીઝની વિઝીટ માટે લઈ ગયા હતા જયાં હેવી મશીનરી, હેવી ઈન્સસ્ટ્રુમેન્ટ સાધનો, એટેચમેન્ટ વિશે, ફિકચર્સ વિશે માહિતી મેળવી.
- તા. ૮ ફેબ્રુ.૨૩ના રોજ ફિટર ટ્રેડના તાલીમાર્થીઓને ભરૂચ જી.આઈ.ડી.સી.માં આવેલ સફારી ઈન્ડસ્ટ્રીઝની વિઝીટ કરવામાં આવી જેમાં મશીનશોપ વિશે, ફેબ્રીકેશન વિભાગ, એસેમ્બલી વિભાગ, આ ઉપરાંત મશીનના વિવિધ ઓપરેશન, કટીંગ મશીન અને પ્લાઝમા મશીન વિશે માહિતી મેળવી.
- તા.૧૫ ફેબ્રુ.૨૩ ના રોજ શ્રી પ્રદિપભાઈ શાહ (ભરૂચ) દ્વારા પ્રાર્થના મંદિરમાં લેકચર લેવામાં આવ્યું જેમાં તેમને સેફટીના વિવિધ સાધનો (PPE) વિશે માહિતી આપી આ ઉપરાંત વિવિધ પ્રકારના ફાયર એકસ્ટીન્ગ્યુશર વિશે, વિવિધ પ્રકારની આગ અને વર્કશોપમાં કામ કરતી વખતે રાખવી પડતી સલામતી વિશે વાત કરી.
- તા. ૧૬ ફેબ્રુ.૨૩ના રોજ ટર્નર અને મશીનિષ્ટ ટ્રેડના તાલીમાર્થીઓને ભરૂચ ખાતે આવેલ સફારી ઈન્ડસ્ટ્રીઝમાં વિઝીટ માટે લઈ જવામાં આવ્યા હતા. જયાં વિવિધ પ્રકારની મશીનરી, હેવીક્રેન, વિવિધ પ્રકારના ઓપરેશન, એસેસ્ટ્રીક જોબ, હેવી સાફટીંગ ટર્નીંગ સીસ્ટમ, પ્લાઝમા કટીંગ મશીનરી વિશે તાલીમાર્થીઓએ માહિતી મેળવી.
- તા.૧૮ ફેબ્રુ.૨૩ના રોજ પ્રિન્ટીંગ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ આકાર ઓફસેટ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લેવામાં આવી જેમાં કોમર્શીયલ જોબવર્કના કામો, બાઈન્ડીગના કામો અને વિવિધ પ્રકારના રો મટીરીયલ વિશે માહિતી મેળવી.

- તા. ૨૨ ફેબ્રુ.૨૩ ના રોજ શ્રી પ્રદિપભાઈ શાહ (ભરૂચ) દ્વારા કેમીકલ અને ફિટર ટ્રેડના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું જેમાં તેમને વિવિધ પ્રકારના વાલ્વ, જોઈન્ટ, પાઈપના વિવિધ પ્રકારો અને ડિસ્ટીલેશનની પ્રોસેસ વિશ માહિતી મેળવી.
- તા.૨ માર્ચ ૨૩ ના રોજ વાંચનમાં રસરૂચી ધરાવતા લગભગ ૩૫ જેટલા વિજીટીકેના તાલીમાર્થીઓને ભરૂચમાં આવેલ "ભરૂચ બુક ફેસ્ટીવલ" પુસ્તક પ્રદર્શનમાં લઈ જવામાં આવ્યા હતા જયાં તાલીમાર્થીઓએ વિવિધ પ્રકારના અલગ અલગ પુસ્તકો વિશે માહિતી મેળવી અને પુસ્તકોની ખરીદી પણ કરી હતી.
- તા.૨ થી ૬ માર્ચ ૨૩ના રોજ રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ–સીતાપુર (વાંસદા)માં ૮ વ્યકિતઓને કોમ્પ્યુટરની બેઝીક તાલીમ અજયભાઈ લીમ્બચીયા દ્વારા આપવામાં આવી.
- તા.૩ માર્ચ ૨૩ના રોજ સ્વવિકાસ શિબીર, જીવન ઘડતર શિબીર, વિજીટીકેના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓ સાથે એક દિવસની શિબીર રાખવામાં આવી જેમાં સમયનું મહત્વ, હકારત્મક અભિગમની જીવનમાં જરૂરીયાત અને આપણી દિચર્યા કેવી હોવી જોઈએ તેનું માર્ગદર્શન વિવિધ રમતો અને વિવિધ પ્રકારની પ્રવૃતિઓ દ્વારા આપવામાં આવી.
- તા.૧૩ થી ૨૨ માર્ચ ૨૩ના રોજ કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં ઈ.ટી.પી. પ્લાન્ટ અને લેબોરેટરીની તાલીમ માટે ૮ ઈન્ડસ્ટ્રીઝમાં ૨૪ તાલીમાર્થીઓને મૂકવામાં આવ્યા હતા.
- તા.૧૪ થી ૧૬ માર્ચ ૨૩ ના રોજ Oasis Love Camp-1 ઓએસીસમાંથી આવેલ સુનિલભાઈ અને હિનાબેન દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓને સાથે "લવ કેમ્પ" લેવામાં આવ્યો જેમાં પ્રેમની પરિભાષા, પ્રેમની સાચી ઓળખ, પ્રેમની જરૂરીયાત વિશે તાલીમાર્થીઓને વિવિધ પ્રવૃતિઓ અને ફિલ્મો દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૨૩ માર્ચ ૨૩ ના રોજ વિજીટીકેના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ ચાલુ બેચના તાલીમાર્થીઓ અને સીવણના તાલીમાર્થીઓ સાથે GCPL (ગુજરાત કેમીકલ પોર્ટ લિમીટેડ) ઈન્ડસ્ટ્રીઝ, દહેજ ના સહયોગથી કુશળ ઉદ્યોગ સાહસિક માર્ગદર્શન માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે યુ.પી.એલ (UPL) યુનિવર્સિટીમાંથી આવેલ હિરેનભાઈ મહિડા અને ગીરીશભાઈ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત ભરૂચ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી જગદિશભાઈ અને GCPL માંથી કપીલભાઈ ખાસ ઉપસ્થિત રહયા હતા. આ દરેક મહાનુભાવો એ તાલીમાર્થીઓને સફળ ઉદ્યોગ સાહસીક બનવા માટે જરૂરી માર્ગદર્શન અને તેમના અનુભવો વિશે માહિતી પુરી પાડી.
- તા.૨૪ થી ૨૬ માર્ચ ૨૩ના રોજ Oasis Love Camp-2 ઓએસીસમાંથી આવેલ અવધીબેન, ડીકલબેન અને દ્રષ્ટીબેન દ્વારા વિજીટીકેના બાકી રહેલ તાલીમાર્થીઓ સાથે "લવ કેમ્પ" લેવામાં આવ્યો.
- તા.૨૭ થી ૨૮ માર્ચ ૨૩ ના રોજ ઈસરો (ISRO) અમદાવાદથી આવેલ દિપકભાઈ, સતિષભાઈ અને તેમની ટીમ દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે પ્રાર્થના મંદિરમાં લેકચર લેવામાં આવ્યું જેમાં તેમને વિવિધ પ્રકારના સેટેલાઈટ, રોકેટ, સેટેલાઈટ લોચીંગ, ચન્દ્રયાન અને આદિવ્ય–L વિશે તાલીમાર્થીઓને વિડીયો દ્વારા વિસ્તારપૂર્વક માહિતી આપી. રાત્રે ટેલીસ્કોપ દ્વારા વિવિધ ગ્રહો જેવા કે યુરેનસ, ગેલેકસી અને મંગળ ગ્રહો પણ તાલીમાર્થીઓને બતાવવામાં આવ્યા, બીજા દિવસે ઉચેડિયા પ્રાથમિક શાળાના બાળકો અને નર્સીંગની તાલીમાર્થીઓને પણ વિસ્તારપૂર્વક માહિતી વિવિધ પ્રકારના વિડીયો દ્વારા આપવામાં આવી.

## *શારદા મહિલા વિકાસ સોસાયટી

## વહીવટ અને સંચાલન

- આ ત્રણ માસ દરમ્યાન ૬ કોરગૃપ, ૨ કારોબારી અને ૧ નિયામક મિટીંગ થઈ. જેમાં વિભાગીય કામગીરી, પ્રશ્નો અને એના ઉકેલની વાત થઈ. અમલઝર ગામમાં શીવણ અને બ્યુટીપાર્લરનાં વર્ગો શરૂ કર્યા બાદ અનુભવોના આધારે તેમાં આવતાં પ્રશ્નો અને એના ઉકેલોની ચર્ચા કરી. શા.મ.વિ.સો. ના ભવિષ્યનાં પાંચ વર્ષનું આયોજન વિશે ચર્ચા કરી. કારોબારી કમીટી સભ્યોનો રિવ્યું કરી તેમાં જરૂરી ફેરફાર કર્યા. ૮મી માર્ચ જેવાં કાર્યક્રમનું આયોજન કર્યું.
- કારોબારી અને નિયામક મિટીંગમાં ૨૦૨૨–૨૩ની શા.મ.વિ.સો.ની પ્રવૃતિઓનું પ્રેઝનટેશન અને થયેલ ચર્ચાઓ સાથે બજેટની રજુઆત કરી મંજુરી મેળવી. ભવિષ્યનાં પાંચ વર્ષના આયોજન સાથે ૨૦૨૩–૨૪ના વર્ષનાં બજેટના સભ્યોની મંજુરી મળી.

## મહિલા જાગૃતિ શિબીર

- તા. ૩૦ જાન્યુ.૨૩ના રોજ વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર પર બહેનોને રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શા.મ.વિ.સો.ની આર્થિક પ્રવૃતિની સહયોગી બેનો, સ્ટાફ તેમજ આપણા પરિવારની કુલ ૧૧૭ બેનોએ સંગીત ખુરશી, ત્રિપગી દોડ તેમજ ફુગ્ગા ફોડની રમતોમાં ભાગ લીધો. રમતમાં વિજેતા બહેનોને પ્રથમ અને દ્વિતીય નંબર પ્રમાણે ઈનામ આપ્યા બાકી બધી જ બહેનોને હાથ રૂમાલ આપી પ્રોત્સાહિત કર્યા હતાં.
- બાળ ઉછેરમાં અલગ અલગ ઉંમરના ગૃપો પાડી ગૃપ ચર્ચા કરી. ૦ થી ૫, ૬ થી ૧૦, ૧૧ થી ૧૫ અને ૧૫ ની ઉપરના ચાર ગૃપો પાડી ગૃપ ચર્ચા કરાવી. ગૃપ ચર્ચામાં જે તારણ આવ્યું તે ગૃપના સભ્યો નાટક દ્વારા પોતાના પ્રતિભાવ રજુ કર્યા. એકે ગૃપ 'નેગેટીવ' હતું. જેમાં આ ઉંમરમાં કઈ ભૂલો કરી શકે તેની વાત કરી અંતમાં નેહાબહેને બધાં જ ગૃપોનો સાંરાંશ કરી ખરેખર વાત ઉછેરની અગત્યતા સમજાવી.
- ૦૯ માર્ચ ૨૦૨૩ ના રોજ શારદા મહિલા વિકાસ સોસાયટી અને સેવા રૂરલમાં આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી કરી. કાર્યક્રમની શરુઆત ઝઘડિયા ગામમાં રેલીથી કરવામાં આવી જેમાં સંસ્થાના કાર્યકરો, પરિવારના સભ્યો અને ગામની બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

  સેવા રૂરલ સંસ્થાના મંદિર મંડપ પર કાર્યક્રમની શરૂઆત સમુહ પ્રાર્થનાથી કરવામા આવી ત્યારબાદ આ વર્ષની મહિલા દિવસ ની થીમ "Digital Innovation and Technology for gender equality" ને ધ્યાનમાં રાખીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સંસ્થાના કાર્યકર બહેનો નવી ટેકનોલોજીનો ઉપયોગ શીખીને કેવી રીતે પોતાના કામમાં પ્રગતિ કરી તેના અનુભવની વાતો કરી આ વર્ષની થીમને ધ્યાનમા રાખતા તેમજ પ્રદર્શન (સ્ટોલ) બનાવ્યા જેમાં સોશ્યલ મીડીયા અને નવી ડીજીટલ ટેકનોલોજીના ફાયદા અને ગેરફાયદા, સાયબરક્રાઈમ તેમજ સરકારી હેલ્પલાઈન વિશે પોસ્ટરો દ્વારા સમજ આપવામાં આવી .

  આજના કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી કે.આર. આનંદે (હેડ ઓફ ઓપરેશન, ગુજરાત કેમીકલ પોર્ટ લી.દહેજ) પ્રાસંગિક ઉદબોધન કર્યું.

## ટયુટોરિયલ વિભાગ

- તા. ૧૨ જાન્યુ.૨૩ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણીમાં ધોરણ ૧ થી ૪ના બાળકોને બાળપણના પ્રસંગોની સીડી બતાવી અને ધોરણ ૫થી૮ ના બાળકોને સ્વામીજીના જીવન સાધનાના પોસ્ટરો બતાવ્યા. બાળકોએ એમાંથી વાંચી તેના પર ચર્ચા કરી.
- તા.૨૦ જાન્યુ.૨૩ના રોજ ધોરણ ૧,૨,૫,૭,૮ ના બાળકો અને તા.૨૩ જાન્યુ. ના રોજ ધોરણ ૩,૪,૬ ના બાળકોને પોઈચા પ્રવાસ લઈ જવાનું

આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને પુરી શાક ખવડાવીને સ્વામી નારાયણ મંદિરમાં દર્શન કરાવી ત્યાં આવેલ પ્રદર્શન બતાવ્યું ત્યારબાદ ત્યાં આવેલ ગાર્ડનમાં બાળકોએ રમતના સાધનો વડે રમી ખૂબ મજા માણી.

- બીજા સત્ર દરમ્યાન જે અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તેનું મૂલ્યાંકન તેમજ શાળામાં લેવાતી બીજા સત્ર પરીક્ષાની પૂર્વ તૈયારી રૂપે ટ્યુટોરિયલમાં તા.૨૭,૨૮,૨૯ માર્ચ ૨૩ના રોજ આયોજન કરી બાળકોની પરીક્ષા લીધી જેમાં ધોરણ ૧ થી ૮ ના બાળકો હાજર હતા.

## હરતી ફરતી શાળા

- ગ્રામ્યકક્ષાએ હરતી ફરતી શાળામાં અભ્યાસક્રીય પ્રવૃતિની સાથે વિવિધ પ્રવૃતિઓ પણ કરાવીએ છીએ તેના ભાગરૂપે તા.૩ થી ૧૩ જાન્યુ.૨૩ સુધી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરી.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકો સાથે ઉતરાયણ, મહા શિવરાત્રી, હોળી ધુળેટી જેવા તહેવારોની વિવિધ રીતે ઉજવણી કરી. એક દિવસ રમત–ગમત ઈનામનું આયોજન કર્યું. જેમાં સંગીત ખુરશી, કોથળા દોડ રમત રમી.
- તા.૨૫ ફેબ્રુ.૨૩ના રોજ સેવા રૂરલના સેફટી વિભાગમાંથી હર્ષદભાઈ આવી બાળકોને સેફટી તાલીમ આપી. જેમાં આગ લાગે તો ૧૦૧ નંબર પર ફોન કરવો. ઘરમાં ELCB સ્વીચ મુકાવવી જેથી ઈલેકટ્રીક વસ્તુઓમાાં સોર્ટ સર્કિંગ થતા તે સ્વીચ જાતે જ બંધ થઈ જાય અને ઘરમાં અકસ્માત થતા રોકી શકાય વિગેરે માહિતી આપી. તેમજ ફાયર એકસ્ટીન્ગ્યુશર કેવી રીતે વપરાય તેની માહિતી ધોરણ ૫ થી ૮ ના બાળકોને આપી.

## નાસ્તા વિભાગ

- અત્યાર સુધી હોસ્પિટલમાં સગર્ભાબેનોને શીરો, સુખડી, સુવાતલનો મુખવાસ અને દર્દીઓને નાસ્તો આપવામાં આવતો હતો. હવે માર્ચ મહિનાથી હોસ્પિટલમાં દાખલ દર્દીઓને રોજ સવારે ૬ વાગ્યે ચા આપવાનું શરૂ કર્યું છે. રોજની લગભગ ૧૩૦ થી ૧૫૦ જેટલાં કપ ચા આપવાની હોય છે. ખાસ હોસ્પિટલમાંથી જયારે આ કામની વાત આવી ત્યારે સવારે પાંચ વાગ્યાના નાસ્તા વિભાગમાં આવીને ચા બનાવવી. બેનો તૈયાર થશે કે કેમ? પરંતુ નાસ્તા વિભાગમાં વર્ષોથી કામ કરતાં ફરીદાબેનને ચા ની વાત કરતાં તરત જ એક પળનો વિચાર કર્યા વગર આમ પણ આપણે નાસ્તામાં નવા ઓર્ડર માટે પ્રયત્ન કરીએ છીએ. અને આવી તક મળે તો લેવી જ જોઈએ. આમ કરી બંને બહેનો આ જવાબદારી ખૂબ જ સારી રીતે સંભાળી રહયા છે.

## ગારમેન્ટ વિભાગ :

## શિવણ તાલીમ વર્ગો :–

- બેચ નં.૩૯–૪૦ શીવણ તાલીમ વર્ગો તા.૧ ફેબ્રુ.૨૩ થી શરૂ થયા. જેમાં ૭૭ બહેનોના નામ આવ્યા. ઈન્ટરવ્યુમાં ૫૯ બહેનો આવ્યા. જેમાંથી ૫૦ બહેનોને લેવામાં આવ્યા. બધી જ બહેનોનું સેવા રૂરલ સંસ્થામાં હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું આ બહેનો સાથે એજયુકેશન અવેરનેશની શિબીર કરવામાં આવી.
- અગાઉની ૨ બેચની ૪૬ બહેનોને તા.૨૦ ફેબ્રુ.૨૩ અને તા. ૮ માર્ચ ૨૪ના રોજ સિલાઈ મશીન આપવામાં આવ્યા. ૫૦% રકમ ગુજરાત કેમીકલ પોર્ટ લી. દહેજ તરફથી દાન મળ્યું. જેથી તાલીમાર્થી બહેનો ગામડામાં સ્વરોજગાર કરી શકશે.
- સિલાઈ કામ કરતા ૫૯ બહેનો (વર્ષ ૨૦૨૨–૨૩) ને જે લેબરચાર્જ ચુકવવામાં આવતો હતો તેમાં ૩૫% લેબરચાર્જમાં વધારો કરવામાં આવ્યો અને દરેક બહેનોના ખાતા (એપ્રિલ–૨૨ થી ડિસેમ્બર–૨૨ સુધીનો) માં જમા કરવામાં આવ્યો. અને ૧ જાન્યુ.૨૩થી લેબરચાર્જમાં વધારો કરી દેવામાં આવેલ છે. જેનો સૌ બહેનોને આનંદ છે. ગીફટ, પ્રવાસની ફાળવણી સંસ્થાની સાધારણ સભામાં નકકી કરવામાં આવશે.

- ત્રણ માસ દરમ્યાન ૫૧ બહેનોએ ભેગા મળી સિલાઈકામ કર્યું અને કમાણી કરેલ છે. દર મહિને થતી શિબીરોમાં પણ બહેનો જોડાયા.

## બ્યુટી પાર્લરઃ

- ૩૧ મી માર્ચે બ્યુટી પાર્લરની ૬ઠ્ઠી બેચ પુરી થઈ. આ બેચમાં જે ૨૦ બહેનોએ તાલીમ પુરી કરી તેમને સ્ટાર્ટઅપ કીટ આપવામાં આવી જેથી તેઓ આ કીટના ઉપયોગથી પગભર થવાની શરૂઆત કરી શકે.
- ૨૪મી માર્ચે ૭મી બેચના ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા. કુલ ૪૫ બહેનો ઈન્ટરવ્યુ આપવા આવ્યા હતાં. જેમાંથી ૨૨ બહેનોની પસંદગી કરવામાં આવી.

## નવું શું કર્યું ?

### ગ્રામ્ય સ્તરે શરૂ કરી તાલીમ વર્ગો :

- સ્થાનિક કક્ષાએ શીવણ અને બ્યુટી પાર્લર વર્ગો નિયમીત અને સારી રીતે ચાલે છે. પરંતુ અનુભવને આધારે ગામડાઓમાંથી આવતી બહેનોની સમય મર્યાદા અને વાહન માટે પડતી મુશ્કેલીઓ જોતાં આપણે ઘણાં વખત ગ્રામ્ય કક્ષાએ તાલીમ વર્ગો શરૂ કરવાનું વિચારી રહયા હતા. ઝઘડિયાના આસપાસનાં ગામોમાં માહિતી મેળવતાં અમલઝર ગામમાં બહેનોની આવા વર્ગો કરવાની તૈયારી હતી અને આપણાં જ તાલીમ વર્ગોમાંથી તૈયાર થયેલ બહેને તૈયારી બતાવી બે બહેનો ત્યાં નજીકમાં જ રહેલાં હોવાથી તેમણે પણ ટ્રેનર તરીકેની જવાબદારી લેવાની તૈયારી બતાવી. અમલઝર ગામનાં આગેવાનો મળ્યા, બહેનો સાથે મિટીંગ કરી સૌનો સાથ સહકાર મળવાથી તા.૧૬ જાન્યુ.૨૩ના રોજ શીવણ તાલીમ અને બ્યુટી પાર્લરની એક–એક બેચ અમલઝર ગામમાં શરૂ કરી. બંને તાલીમ બ્યુટી પાર્લરની ૧૮ બહેનો અને શીવણની ૧૭ બહેનો જોડાયેલ છે.

## મિત્રોની નજરે

૧૩ફેબ્રુ, ૨૦૨૩
ભુજ

આ. ડો. પંકજભાઈ, બંકિમભાઈ અને સમગ્ર સેવા રૂરલ તેમજ ભગિની સંસ્થાઓ.

સાદર વંદન 'જીવન અંજલિ થાજો' મહામંત્રને સાર્થક કરતી વિવિધ ભાતીગળ પ્રજાકલ્યાણકારી પ્રવૃત્તિઓથી મહેકતો શબ્દ થાળ ૪૨મો વાર્ષિક અહેવાલ મળયો છે. હૃદયથી પ્રસન્નતા અને પ્રણકયભાવ અનુભવું છું.

કેટકેટલી પ્રવૃત્તિઓની સાંકળ જાણે  અવિરત ચાલી રહી છે, તમારા, સહુના દર્શન અને પુરુષાર્થનો સમગ્ર ગ્રામસેવા અને માનવસેવાનાં, માનવનિર્માણનાં કાર્ય થઈ રહયાં છે તમારી ત્યાં એક વિશાળ ફલક પર થતાં આ કાર્યો માનવને ઉભો કરવાનું અને ઘસાઈને ઉજળા થવાનું કામ કરે છે. દિલ થી વંદન અને અભિનંદન.

સમગ્ર અહેવાલ જોઈ ગયો છું. નાની નાની કાળજી પણ જે લેવાઈ છે અને આ વિગતો સમાવાઈ છે તે પણ અનોખી વાત છે. જાહેર જીવન સાથે જોડાયેલા સહુ, સહુ કામ કરતી સંસ્થાઓ – સંગઠનોની એક ફરજ છે હિસાબી અને કાર્ય પ્રસ્તુત કરવાં, પ્રજા સામે મુકવાં, તમે નિરંતરતાથી તે કરો જ છો, કાળજીપૂર્વક કરો છો, આટલા બધાં કામોની વચ્ચે કરો છો તે પણ કેવી મોટી વાત છે?

પુનઃ સહુને વંદન અને અમારો આનંદ સ્વીકારશો.

–રમેશ સંઘવી

## સ્વામી વિવેકાનંદના પત્રો માંથી...

❖ સંસ્થાને આગળ ધપાવો. પ્રેમ, અંતરની સચ્ચાઈ અને ધીરજ સિવાય બીજું કાંઈ જરૂરનું નથી. વિકાસ, એટલે કે વિસ્તાર અથવા પ્રેમ, એ સિવાય જીવન બીજું શું છે ?

❖ એટલી હદ સુધી લાગણી રાખો કે તમારું હૃદય બંધ પડી જાય, મગજ ઘુમ્યા કરે અને તમને લાગે કે તમે પાગલ થઈ જશો; અને પછી ઈશ્વરને ચરણે હૃદયની વ્યથા ધરી દો. ત્યારે પછી આવશે શકિત, સહાય અને અદમ્ય ઉત્સાહ !

❖ થોભ્મો; પૈસાથી કંઈ વળતું નથી, નામથી પણ નહીં, યશથી પણ નહીં, વિદ્યાથી પણ નહીં. માત્ર પ્રેમથી લાભ મળે છે; માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની વજ્ર જેવી દિવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે.

સ્વામી વિવેકાનંદ

**જ્યારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.**

**મા શારદા**

**પ્રિન્ટેડ બુક**

**—: વિશેષ સૂચના :—**

અમારી સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.

આપનું E-mail / ID નીચેના મોબાઈલ ઉપર વોટ્સઅપ / SMS થી અથવા નીચેના સરનામે લખી મોકલાવશો.


પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૧૧૦/ભરૂચ



**E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http:// www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**